આજનો સુવિચાર
કોઈ ચીજ સારી અથવા ખરાબ નથી, વિચાર જ તેને સારી કે ખરાબ બનાવે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૯ જૂનાગઢ તા. ૧-૨-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

નાણામંત્રી સીતારમણે અપેક્ષા મુજબ લોકોને ખુશ કરી દીધા : જુની કર પ્રણાલી રદ : નવી કર પ્રણાલી અમલમાં આવી : ઈન્કમટેક્ષ માળખામાં વ્યાપક ફેરફાર : નોકરીયાત વર્ગને મોટી રાહત

# રૂા.૭ લાખ સુધીની આવક ઉપર કોઈ ટેક્ષ નહી



## નવી કર સીસ્ટમમાં પાંચ ટેક્ષ સ્લેબ રહેશે : સરચાર્જ ૩૭ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરાયો

## શેરબજારમાં બલ્લે... બલ્લે.. સેન્સેકસમાં ૧૦૦૦ પોઈન્ટનો ઉછાળો

નવી દિલ્હી તા. ૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪નું સામાન્ય અંદાજપત્ર સંસદમાં રજુ કર્યુ હતું. નાણામંત્રીએ અપેક્ષા મુજબ લોકોને ખુશ કરી દેતું બજેટ રજુ કર્યુ હતું. જેમાં તેમણે આવકવેરાની મર્યાદા રૂા. ૫ લાખથી વધારીને રૂા.૭ લાખ કરી નાખી છે. તેમજ જુની કર પધ્ધતિ રદ કરી છે અને નવી ટેક્ષ સીસ્ટમ લાગુ કરી છે. નવી ટેક્ષ સીસ્ટમમાં ટેક્ષ સ્લેબ ૭ થી ઘટાડીને પાંચ કરવામાં આવ્યા છે. નવી ટેક્ષ સીસ્ટમમાં સરચાર્જને ૩૭ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે. ૩ થી ૬ લાખની કરપાત્ર આવક ઉપર પાંચ ટકા, ૬ થી ૯ લાખની કરપાત્ર આવક ઉપર ૧૦ ટકા, ૯ થી ૧૨ની કરપાત્ર આવક ઉપર ૧૫ ટકા, ૧૨ થી ૧૫ લાખની કરપાત્ર આવક ઉપર ૨૦ ટકા અને ૧૫ લાખથી ઉપરની કરપાત્ર આવક ઉપર ૩૦ ટકા ઈન્કમટેક્ષ ભરવો પડશે. આમ નાણામંત્રીએ નવી ટેક્ષ સીસ્ટમમાં ઉપર મુજબ પાંચ સ્લેબ રાખ્યા છે અને જુની સીસ્ટમ ખતમ કરી નાખી છે. તેમજ સરચાર્જમાં પણ ઘટાડો કરાતા તેનું વ્યાપક સ્વાગત કરવામાં આવ્યું છે. નાણામંત્રીએ જાહેર કર્યુ કે જુની ટેક્ષ સીસ્ટમને ડીફોલ્ટ સીસ્ટમથી દુર કરવામાં આવી છે અને નવી ટેક્ષ વ્યવસ્થા દેશની મુળભુત ટેક્ષ વ્યવસ્થા રહેશે. આમ નાણામંત્રીએ નવી ટેક્ષ સીસ્ટમ લાગુ કરવાની સાથે વર્તમાન મંદીનાં સમયમાં અર્થ વ્યવસ્થાને બુસ્ટર ડોઝ આપવાનો પ્રયાસ કર્યો છે.

આ પહેલા બજેટ ભાષણનાં પ્રારંભે નાણામંત્રીએ કહ્યું કે દેશની પ્રગતિને કારણે ભારતનું માથું વિશ્વમાં ઉંચુ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા પહેલાં કરતા વધુ સંગઠિત બની છે. ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે. માથાદીઠ આવક બમણીથી વધુ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે ૧૧.૪ કરોડ ખેડૂતોના ખાતામાં ૨.૨ લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે અમૃતકાળનું આ પહેલું બજેટ છે, આ બજેટ પાછલા બજેટમાં રખાયેલ પાયા અને ભારત ૧૦૦ માટે રખાયેલા બ્લુપ્રિન્ટ ઉપર ઘડશે તેવી અપેક્ષા છે, અમે એક સમૃદ્ધ અને સર્વસમાવેશક ભારતની કલ્પના કરીએ છીએ જેમાં વિકાસના ફળ બધા સુધી પહોંચે. વિશ્વએ ભારતને એક તેજસ્વી સ્ટાર તરીકે ઓળખાવ્યું છે, વર્તમાન વર્ષ માટે આપણો વિકાસ દર ૭.૦% હોવાનો અંદાજ છે, જે મહામારી અને યુદ્ધને કારણે મોટા પાયે વૈશ્વિક મંદી હોવા છતાં તમામ મુખ્ય અર્થતંત્રોમાં સૌથી વધુ છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સવારે ૧૧ વાગ્યે લોકસભામાં તેમનું પાંચમું અને દેશનું ૭૫મું બજેટ વાંચવાનું શરૂ કર્યુ હતું. તેમણે કહ્યું કે, આ અમૃતકાળનું પહેલું બજેટ છે. કોવિડમાં ૨ લાખ કરોડનું મફત અનાજ આપ્યું અને હજી આપવાનું ચાલુ છે. ભારતનું અર્થતંત્ર છેલ્લા ૯ વર્ષમાં વિશ્વમાં દસમા સ્થાનેથી પાંચમા સ્થાને પહોંચ્યું છે. નાણામંત્રીએ કહ્યું કે, સરકારી યોજનાઓનો લાભ પ્રજા સુધી પહોંચી રહ્યો છે. મફત અન્ન યોજના હજી એક વર્ષ સુધી ચાલુ રહેશે. પછાત વર્ગના લોકો માટે વિવિધ સહાયની જાહેરાત કરાય છે. ભારતમાં પર્યટન ક્ષેત્ર વિશાળ છે અને આ ક્ષેત્રમાં યુવાનોને વધારેમાં વધારે રોજગાર મળે તેવો પ્રયાસ કરાશે. નાણામંત્રીએ સાનુકુળ બજેટ રજુ કરતા શેરબજારે તેનું સ્વાગત કર્યુ છે અને લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ બીએસઈનો સેન્સેટીવ ઈન્ડેક્ષમાં ૧૦૦૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો છે. જયારે નીફટીમાં ૩૦૫ પોઈન્ટનો ઉછાળો નોંધાયો છે. નાણામંત્રીએ રજુ કરેલા મુખ્ય મુદા જોઈએ તો નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, ૨૦૧૪ થી સરકારનો પ્રયાસ લોકોના જીવનની ગુણવત્તા સુધારવાનો છે. ૨૦૧૪થી અત્યાર સુધીમાં માથાદીઠ આવક બમણી થઈ છે, તે વધીને રૂા.૧.૯૭ લાખ થઈ છે. દુનિયા ભારતને ચમકતા સિતારાની જેમ જોઈ રહી છે. વૈશ્વિક મંદીના કારણે આપણો વિકાસ દર ૭% રહ્યો છે. જે અન્ય દેશો કરતાં વધુ મજબૂત છે. કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે આગામી ત્રણ વર્ષમાં સરકાર આદિવાસી વિદ્યાર્થીઓને મદદ કરતી ૭૪૦ એકલવ્ય મોડલ સ્કૂલ માટે ૩૮,૮૦૦ શિક્ષકો અને સહાયક સ્ટાફની નિમણૂક કરશે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે બજેટના સાત આધારો જણાવ્યા. તેઓ સપ્તર્ષિ કહેવાયા છે. ૧. સમાવેશી વૃદ્ધિ, ૨. વંચિતોને પ્રાધાન્ય, ૩. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ, ૪. ક્ષમતા વિસ્તરણ, ૫. હરિયાળી વૃદ્ધિ, ૬. યુવા શક્તિ, ૭. નાણાકીય ક્ષેત્ર.

નાણામંત્રીએ કહ્યું કે અમૃત કાળનું વિઝન ટેકનોલોજી આધારિત અને જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા બનાવવાનું છે. સરકારી ભંડોળ અને નાણાકીય ક્ષેત્રની મદદ લેવામાં આવશે. આ 'જનભાગીદારી' માટે 'સૌનો સાથ, સૌનો વિકાસ' જરૂરી છે.

## બજેટ હાઈલાઈટ્સ

- આગામી એક વર્ષ માટે મફત અનાજ યોજના, આ માટે ૨ લાખ કરોડ રૂપિયાનું બજેટ
- મહામારીથી પ્રભાવિત સ્જીસ્ઈને રાહત આપવામાં આવશે
- 5G ઉપર રિસર્ચ માટે એન્જિનિયરિંગ કોલેજોમાં ૧૦૦ લેબ બનશે.
- રાજ્ય સરકારોને અપાતી ૫૦ વર્ષની વ્યાજમુક્ત લોન વધુ એક વર્ષ માટે લંબાવવાનો નિર્ણય
- નગર નગમ પોતાના બોન્ડ લાવી શકશે.
- AI માટે સેન્ટર ફોર ઈન્ટેલિજન્સ
- સીવર સફાઈ મશીન આધારિત કરાશે
- ઓળખ પત્ર તરીકે PAN ને માન્યતા
- દેશમાં નવા ૫૦ નવા એરપોર્ટ બનશે.
- આગામી ૩ વર્ષમાં સરકાર આદિવાસી વિદ્યાર્થીઓને સમર્થન આપતી ૭૪૦ એકલવ્ય મોડલ સ્કૂલો માટે ૩૮,૦૦૦ શિક્ષકો અને સહાયક કર્મચારીઓને નિયુક્ત કરશે.
- ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રા માટે ૭૫ હજાર કરડોનું પેકેજ
- આદિવાસીઓ માટે ૧૫ હજાર કરોડનું પેકેજ
- પીએમ આવાસ યોજનાનું ફંડ ૬૬ ટકા વધારીને ૭૯,૦૦૦ કરોડ જેટલું કરાયું.
- ખેડૂતોને લોનમાં છૂટ ચાલુ રહેશે.
- રેલવેની નવી યોજનાઓ ઉપર ૭૫૦૦૦ કરોડ રૂપિયા
- શહેરોના વિકાસ માટે ૧૦ હજાર કરોડ ફાળવવામાં આવશે.
- રેલવે માટે ૨.૪ લાખ કરોડની ફાળવણી
- બાળકો અને યુવાઓ માટે નેશનલ ડિજિટલ લાઈબ્રેરી સ્થાપિત કરાશે.
- પશુપાલન, ડેરી અને મત્સ્ય પાલન ઉપર ધ્યાન આપતા કૃષિ ઋણના લક્ષ્યાંકને ૨૦ લાખ કરોડ કરવામાં આવશે.

કૃષિ સંલગ્ન સ્ટાર્ટઅપને પ્રાથમિકતા આપવામાં આવશે.
- ૨૦૧૪થી બનેલી હાલની ૧૫૭ મેડિકલ કોલેજો સાથે કોલોકેશનમાં ૧૫૭ નવી નર્સિંગ કોલેજ સ્થાપિત કરાશે.
- કૃષિ ઋણનો લક્ષ્યાંક ૨૦ લાખ કરોડ
- કૃષિ સંવર્ધક ફંડની જાહેરાત
- ખેડૂતોને ખેતી માટે વિશેષ ફંડ
- પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં વધારો
- આત્મનિર્ભર ભારતને અપાશે પ્રોત્સાહન
- પછાત વર્ગ, મહિલાઓ અને દિવ્યાંગોને વિવિધ સહાય અપાશે.
- પ્રવાસન ક્ષેત્રે યુવાનોને રોજગાર અપાશે.
- ફાર્માસ્યુટિકલ ક્ષેત્રને પ્રોત્સાહન અપાશે

૨૦૧૪થી સ્થપાયેલી હાલની ૧૫૭ મેડિકલ કોલેજો સાથે સહસ્થાનમાં ૧૫૭ નવી નર્સિંગ કોલેજો સ્થાપવામાં આવશે
- માછીમારો માટે વિશેષ પેકેજ જાહેર થશે
- બાળકો માટે રાષ્ટ્રીય કક્ષાની ડિજિટલ લાઈબ્રેરી બનાવાશે

તેમણે કહયું કે, આ બજેટ આવતા વર્ષની બ્લૂ પ્રિન્ટ છે
- હવે ભૂગર્ભમાં નહીં ઉતરે સફાઈ કર્મચારીઓ. ૨૦૪૭ સુધીમાં એનિમિયાથી મુક્ત કરવાનું સરકારનું અભિયાન છે.
- ૬૦૦૦ કરોડના રોકાણ સાથે પીએમ મત્સ્ય સંપદા યોજના અંતર્ગત નવી ઉપયોજના શરૂ થશે
- કર્ણાટકમાં દુકાળની રાહત માટે રૂા.૫૩૦૦ કરોડ અપાશે
- રેલવેની નવી યોજનાઓ માટે ૭૫ હજાર કરોડના ફન્ડની જાહેરાત
- રેલવે માટે રૂા.૨.૪ લાખ કરોડનો ખર્ચ થશે
- પીએમ આવાસ યોજના માટે ૭૯ હજાર કરોડનું ફન્ડ
- કારીગરો માટે પીએમ વિશ્વ કર્મ કૌશલ સન્માન પેકેજની જાહેરાત કરવામાં આવી છે. જેમાં એમએસએમઈનો પણ સમાવેશ થશે જેઓ તેમના ઉત્પાદનોની ગુણવત્તા અને પહોંચને સુધારવા માટે આ પેકેજની મદદ લઈ શકશે.
- આઈડી કાર્ડ તરીકે PAN કાર્ડ માન્ય ગણાશે
- ડિજિલોકરમાં આધાર કાર્ડ માન્ય રહેશે
- નિષ્ફળ થઈ ગયેલા લઘુ ઉદ્યોગો માટે રિફન્ડ સ્કીમ લાવવામાં આવશે
- ઈ-કોર્ટનો ત્રીજો ફેઝ શરૂ થશે અને તેના માટે ૭ હજાર કરોડનું રોકાણ કરાશે
- ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રા માટે ૭૫ હજાર કરોડ ખર્ચાશે
- આર્ટિફિશિયલ ઈન્ટલિજન્સ માટે ૩ નવા સેન્ટર બનશે
- MSME માટે પણ નવી યોજનાઓ લાગૂ કરાશે

વ્યવસાય શરૂ કરવા માટે પાન કાર્ડ મુખ્ય આધાર રહેશે
નગર નિગમ તેમના બોન્ડ લાવી શકશે
- KYCની પ્રક્રિયા સરળ બનાવાશે અને ડિજિલોકરના દસ્તાવેજો માન્ય રહેશે
- લદાખમાં રિન્યૂએબલ એનર્જી માટે ૨૦૭૦૦ કરોડ ફાળવાશે
- જંતુનાશક માટે ૧૦૦ બાયો ઈન્પુટ સેન્ટર બનશે
- એક લાખ પ્રાચીન આર્કાઈવ્સના ડિજિટાઈઝેશનની જાહેરાત.

નવીનતા અને સંશોધન માટે નવી નેશનલ ડેટા ગવર્નન્સ પોલિસી ઘડવામાં આવશે.
- પીએમ કૌશલ યોજના ૪.૦ લોન્ચ કરાઈ
- ૪૭ લાખ યુવાનોને ૩ વર્ષ સુધી ભથ્થાં મળશે
- પ્રદૂષણ ફેલાવનારા વાહનોને દુર કરાશે
- બેન્કીંગ સેક્ટરમાં બદલાવ માટે વિચારણા
- રોકાણકારોના હિતો ઉપર ભાર અપાશે
- ડિજિટલ પેમેન્ટ ૭૦ ટકા વધ્યું
- IFSC એક્ટમાં પણ બદલાવ કરવામાં આવશે
- RBI એક્ટમાં પણ બદલાવ કરાશે
- મહિલા બચત યોજનામાં બે લાખ સુધીના રોકાણની છૂટ
- વડીલો માટે બચતની સીમા વધારીને ૩૦ લાખ કરાઈ
- પ્રતિ વ્યક્તિ આવક બમણી થઈ

## ગુજરાતનાં ૧.૪૦ કરોડ વિજ ગ્રાહકોને ઝટકો : યુનિટ દીઠ ૨૦ પૈસાનો વધારો ઝીંકાયો

ગાંધીનગર તા. ૧

ગુજરાતીઓના માથા ઉપર વધુ એક બોજો સરકાર નાંખવા જઈ રહી છે. ગુજરાતના ૧.૪૦ કરોડ વીજ ગ્રાહકો ઉપર હવે લાઈટબિલમાં વધારો ઝીંકાશે. વીજળી બિલમાં ફરી યુનિટ દીઠ ૨૦ પૈસાનો ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. જેથી હવે લોકોએ વધુ રૂપિયા ચૂકવવા તૈયાર રહેવું પડશે.

ગુજરાત સરકારની વીજ વિતરણ કંપનીઓ દ્વારા વીજ પુરવઠાના દરમાં યુનિટ દીઠ ૨૦ પૈસાનો વધારો કરવામા આવ્યો છે. આ ભાવ વધારો જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ ૨૦૨૩ ના આવનારા વીજ બિલમાં ઝીંકવામાં આવશે. હજી ચાર મહિના પહેલા જ વીજ કંપનીઓએ ૨૫ પૈસા વધાર્યા હતા. ત્યારે એફપીપીએ ચાર્જ રપિયા ૩.૨૯ થી વધારીને ૩.૪૯ કરાયો હતો.

વીજ કંપનીઓએ જે વધારો ઝીંક્યો છે તે મુજબ હવે ગ્રાહકોને વધુ રૂપિયા ચૂકવવા પડશે. ઉદાહરણ તરીકે, નાના વીજવપરાશકારોએ મહિને ૬૦ રૂપિયા વધુ ચૂકવવા પડશે. મહિના ૪૦૦ યુનિટ વાપરનારા ગ્રાહકોને ૧૨૦ રૂપિયા વધૂ ચૂકવવા પડશે.

## સપ્તર્ષી બજેટ....

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે બજેટના સાત આધારો જણાવ્યા. જેને સપ્તર્ષિ કહેવાયા છે.

૧. સમાવેશી વૃદ્ધિ, ૨. વંચિતોને પ્રાધાન્ય, ૩. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ, ૪. ક્ષમતા વિસ્તરણ, ૫. હરિયાળી વૃદ્ધિ, ૬. યુવા શક્તિ, ૭. નાણાકીય ક્ષેત્ર.નાણાપ્રધાન

જુનાગઢ શહેરમાં હવે ઘુંટણ બદલાવવાની જરૂર નથી
• વૃધ્ધજન સેવા સંસ્થાન (રજી. ઉદયપુર (રાજસ્થાન) દ્વારા
ઘુંટણ/કમરના દુઃખાવાનો સારવાર કેમ્પ
તારીખ : ૩૧/૦૧/૨૦૨૩ થી ૦૪/૦૨/૨૦૨૩ (ફકત ૫ દિવસ)
સમય : સવારે ૧૧ થી બપોરે ૨ અને સાંજે ૪ થી રાત્રે ૭ સુધી
સ્થળ : ગાર્ડન કાફે એન્ડ રેસ્ટોરન્ટ, દુબલી રોડ, ગીરનાર દરવાજા પાસે, ફાયર બ્રીગેડ સામે, જુનાગઢ.
રજીસ્ટ્રેશન ડેમો માત્ર રૂા.300 છે
ઓપરેશન દ્વારા થતા ઈલાજને હવે ઓપરેશન વગર જર્મન ટેકનીક દ્વારા નિર્મિત (Knee Off - Loader Brace) થી કરવામાં આવશે.

નકલથી સાવધાન
• શું તમારા ઘુંટણની અંદર ગ્રીસ (સાઈનોવિચન ફલુડ) ખતમ થઈ ગયું છે ?
• શું તમે આર્થરાઈટીસ (વા)ની બિમારીથી દુઃખી થાઓ છો ?
• શું તમને ચાલવાની, ફરવાની, દાદરા ચઢવાની તકલીફ થઈ ગઈ છે ?
• શું તમારા ઘુંટણ વળી ગયા છે કે સોજો આવી ગયો છે કે પછી ઘુંટણને લઈને કોઈપણ બીમારી આવી ગઈ છે ?
બન્ને ઘૂંટણના ઈલાજ માત્ર ₹17,990
કોઈપણ ઘુંટણના દર્દીએ ઓપરેશન ન કરાવવું હોય તો અમારી એકવાર અવશ્ય મુલાકાત લો.
ડો.રાજેશ અરોરા : 96105 26105 / 70141 17342

લકઝરીયસ બંગલો વેચવાનો છે
દોમડીયાવાડીની બાજુમાં,કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ,પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ,ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ કલીઅર. ભૂલશો તો ચૂકશો
સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કંડારેલા કર્તવ્ય પથ ઉપર ગુજરાત અગ્રેસર

# ૭૪માં ગણતંત્ર દિવસે પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં રજૂ થયેલા ટેબ્લોઝમાં ગુજરાતનો ટેબ્લો 'પીપલ્સ ચોઈસ એવોર્ડ'માં અવ્વલ ક્રમે

**પુનઃપ્રાપ્ય ઉર્જાથી દેશ અને દુનિયાને નવો રાહ ચિંધવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નને મૂર્તિમંત કરતા ગુજરાતના ટેબ્લો-''ક્લિન ગ્રીન એનર્જી યુકત ગુજરાત''ને દેશભરના રાજ્યોની પ્રસ્તુત ઝાંખીમાં સૌ પ્રથમ ક્રમ મળ્યો**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ટેબ્લોને વિજેતા બનાવવા બદલ સૌનો આભાર માન્યો : કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટના હસ્તે નવી દિલ્હીમાં ગુજરાતને મળ્યું ગૌરવ સન્માન**




(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશ અને દુનિયાને પુનઃપ્રાપ્ય ઊર્જાના વધુને વધુ ઉપયોગથી સ્વચ્છ અને હરિત ઊર્જાના વિનિયોગની પ્રેરણા આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પ્રેરક માર્ગદર્શનમાં ગુજરાતે વડાપ્રધાનશ્રીની આ પ્રેરણા ઝિલી લઈને ''ક્લિન ગ્રીન એનર્જી યુકત ગુજરાત'' થીમ આધારિત ઝાંખી ૭૪માં ગણતંત્ર દિને નવી દિલ્હીમાં કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત કરી હતી. ૭૪માં પ્રજાસત્તાક પર્વની આ રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી અને પરેડમાં નવી દિલ્હી ખાતે કર્તવ્ય પથ ઉપર રજુ થયેલી ૧૭ રાજ્યોની વિવિધ ઝાંખીમાંથી ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તુત કરાયેલ ટેબ્લો 'ક્લિન ગ્રીન એનર્જી યુકત ગુજરાત'ને પીપલ્સ ચોઈસ એવોર્ડઝ કેટેગરીમાં દેશભરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે. પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં પ્રતિવર્ષ દેશભરના રાજ્યો અને વિવિધ વિભાગો દ્વારા ટેબ્લોઝ પ્રસ્તુત કરવામાં આવે છે. ૨૦૨૩ની આ વર્ષની પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં દેશના ૧૭ રાજ્યો તથા ૬ મંત્રાલયો મળીને કુલ ૨૩ ટેબ્લોની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકારે આ વર્ષની પરેડમાં ક્લિન અને ગ્રીન એનર્જી યુકત ગુજરાતની ઝાંખી દર્શાવતો ટેબ્લો પ્રસ્તુત કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને દિશાદર્શનમાં ગુજરાતે બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતો, સૌર-પવન ઊર્જાના મહત્તમ ઉપયોગથી ક્લિન ગ્રીન એનર્જી ઉત્પાદન અને ઉપયોગનો ધ્યેય સફળતાપૂર્વક પાર પાડ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન એશિયાનો સૌપ્રથમ સોલાર પાર્ક પાટણના ચારણકા ખાતે સ્થાપ્યો હતો.

માત્ર એટલું જ નહીં ક્લાયમેટ ચેન્જ વિભાગ શરૂ કરનારૂ ભારતનું પ્રથમ રાજ્ય પણ ગુજરાત બન્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં કચ્છ ખાતે દુનિયાનો સૌથી મોટો હાઈબ્રીડ રીન્યુબલ એનર્જી પાર્ક આકાર લઈ રહ્યો છે. રિન્યુએબલ એનર્જીને હાર્નેસ કરવાની દિશામાં ગુજરાતની આ બેજોડ ઉપલબ્ધિને આ વખતની ૨૬મી જાન્યુઆરીની પરેડમાં ઝાંખી-ટેબ્લોના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવી હતી. આ ટેબ્લોમાં કચ્છના ખાવડા ખાતે આકાર લઈ રહેલા દુનિયાના સૌથી વિશાળ હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક, **BESS(Battery Energy Storage System)** મારફતે દેશનું સૌ પ્રથમ ૨૪૮૭ સોલાર ઉર્જા મેળવતું મોઢેરા ગામ, **PM KUSUM** યોજના મારફત સોલાર રૂફટોપથી ઉર્જાથી ખેડૂતોને ખેતીમાં સિંચાઈ, કેનાલ રૂફટોપથી ઊર્જા ઉત્પાદનથી રાજયમાં થયેલી સુખદ ઉર્જાક્રાંતિને પ્રદર્શિત કરવામાં આવી હતી.

આ સાથે કચ્છના ભાતીગળ પહેરવેશ, ભૂંગા, સફેદ રણ, માટીના કલાત્મક લીંપણ, રણના વાહન ઊંટ તેમજ ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર સરીખા રાસ-ગરબાને પણ દર્શાવવામાં આવ્યા હતા. ગુજરાતે સોલાર અને વિન્ડ જેવા ક્લિન-ગ્રીન અને પુનઃ પ્રાપ્ય ઉર્જાના સંસાધનોનો ઉપયોગ કરી વિશ્વને ઉર્જાક્ષેત્રે આત્મનિર્ભર થઈ પર્યાવરણનું જતન કરવાની દિશામાં નવતર માર્ગ ચીંધ્યો છે ત્યારે ''ક્લિન અને ગ્રીન એનર્જી યુક્ત ગુજરાત''ના વિષય આધારિત ટેબ્લો તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૩ની પરેડમાં સૌના આકર્ષણનું કેંદ્ર બન્યો હતો. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે વર્ષ-૨૦૨૨થી ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયે **'My Gov platform'** મારફતે દેશની આમજનતા પાસેથી મત મેળવીને પરેડમાં ભાગ લેનારી સૈન્ય ટુકડીમાંથી શ્રેષ્ઠ ટુકડી અને રાજ્યો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી સાંસ્કૃતિક ઝાંખીમાંથી શ્રેષ્ઠ ઝાંખી પસંદ કરી 'પીપલ્સ ચોઈસ એવોર્ડ' આપવાનો પ્રારંભ કર્યો છે. આ વર્ષે, તા.૨૬ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન ઓનલાઈન વોટિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ વોટ્સ પૈકી સૌથી વધુ વોટ્સ ગુજરાતની ઝાંખીને પ્રાપ્ત થયા હતા અને ગુજરાતનો ટેબ્લો દેશભરના રાજ્યોમાં પીપલ્સ ચોઈસ એવોર્ડ કેટેગરીમાં અગ્રીમ વિજેતા જાહેર થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ટેબ્લોને વિજેતા બનાવવા બદલ સૌનો આભાર માનતા કહ્યું કે, આ જીત ગુજરાતના પ્રત્યેક નાગરિકની જીત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં ગુજરાત નિરંતર નવું કરી દેશ-દુનિયાને માર્ગ ચીંધતું આવ્યું છે. ગુજરાતે રાજ્યની સાંસ્કૃતિક ધરોહરને પુનઃ પ્રાપ્ય ઉર્જાના વિષય સાથે સાંકળી લઈને આ ઝાંખી દ્વારા સુંદર સંદેશ આપવાનો સફળ પ્રયાસ કર્યો છે એમ તેમણે ઉમેર્યુ હતું. આ પ્રતિષ્ઠિત એવોર્ડ નવી દિલ્હીમાં ૩૧ જાન્યુઆરીએ આયોજીત એવોર્ડ વિતરણ સમારોહમાં કેન્દ્રીય રક્ષા રાજ્ય મંત્રી અજય ભટ્ટના હસ્તે ગુજરાત સરકારના માહિતી પ્રસારણ સચિવ અને મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ તથા માહિતી નિયામક આર. કે. મહેતાએ સ્વીકાર્યો હતો. આ ટેબ્લોની પ્રસ્તૃતિમાં નાયબ માહિતી નિયામક પંકજ મોદી અને સંજય કચોટનું મહત્વનું યોગદાન રહ્યું હતું. ટેબ્લોનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝીંગ પ્રા.લિ. અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું.

જીગર એસ્ટેટ
મિલ્કતો ભાડે
વેંચાણ
ડેવલપીંગ
રીપેરીંગ
મો. ૮૧૪૦૫ ૨૨૮૨૦
મો. ૯૪૨૭૭ ૩૭૭૩૪

# સચિવાલય જીમખાના - ગાંધીનગર ખાતે 'અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન સ્પર્ધા'નું આયોજન

**રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે કરાવ્યો સ્પર્ધાનો શુભારંભ : વિવિધ રાજ્યો સહિત કુલ ૪૧ ટીમો અને ૬૭૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે**





(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧

ગાંધીનગરના સચિવાલય જીમખાના ખાતે આયોજિત 'અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન સ્પર્ધા'નો રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે શુભારંભ કરાવ્યો હતો. સ્પર્ધાને ખુલ્લી મૂકી ખેલાડીઓનું ઉત્સાહવર્ધન કરતા અશ્વિની કુમારે જણાવ્યું કે, સતત પાંચમી વાર આ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે, જે ગુજરાત માટે ખૂબ જ ગર્વની વાત છે. તેમણે ઉમેર્યું કે, આ વર્ષે બેડમિન્ટન સ્પર્ધામાં વિવિધ રાજ્યો સહિત કુલ ૪૧ ટીમો અને લગભગ ૬૭૦થી પણ વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ સંખ્યા અગાઉના વર્ષો કરતા ખૂબ જ મોટી છે. વધુમાં અગ્ર સચિવએ જણાવ્યું હતું કે, આ વર્ષે ગુજરાતે ત્રણ મહિના કરતા પણ ઓછા સમયમાં નેશનલ ગેમ્સનું સફળ આયોજન કર્યું હતું. જેનું મુખ્ય કારણ ગુજરાતનું ઓલમ્પિક લેવલનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફેસીલીટી અને મજબૂત ટીમ છે. હવે ગુજરાત વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિકની યજમાની કરવા જઈ રહ્યું છે ત્યારે તેની તૈયારીઓ પણ ગુજરાતમાં અત્યારથી જ શરૂ કરવામાં આવી છે, તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર વતી રાજ્ય સરકાર દ્વારા તારીખ ૩૧ જાન્યુઆરી થી ૬ ફેબ્રુઆરી દરમ્યાન ''અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન સ્પર્ધા ૨૦૨૨-૨૩''નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વૈધાનિક અને સંસદીય બાબત વિભાગના સચિવ સી.જે. ગોઠી, ગાંધીનગર મહાનગપાલિકાના મ્યુનસિપલ કમિશ્નર સંદીપ સાંગલે, ઓર્ગેનાઈઝીંગ કમિટીના ચેરમેન જ્વલંત ત્રિવેદી, સેન્ટ્રલ સ્પોર્ટ્સ બોર્ડના કન્વીનર રાજીવ શર્મા અને ગુજરાત રાજ્ય બેડમિન્ટન એસોસિએશનના સેક્રેટરી મયુર પરીખ સહિતના મહાનુભાવો અને ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલ્યાણપુરના પાનેલીમાં જુગાર રમતી મહિલાઓ સહિત સાત ખેલૈયાઓ ઝડપાયા

જામ ખંભાળિયા તા.૧

કલ્યાણપુર તાલુકાના પાનેલી ગામે ગત મોડી સાંજે એક શખ્સ દ્વારા સંચાલિત જુગારના અડ્ડા ઉપર એલ.સી.બી. પોલીસે દરોડો પાડી, જામનગર-રાજકોટના મહિલાઓ સહિત સાત શખ્સોને દબોચી લીધા હતા. આ કેસમાં પોલીસે રોકડ રકમ સાથે બાઈક, મોબાઈલ સહિત કુલ રૂા.૪.૩૩ લાખનો મુદ્દામાલ કબજે લીધો છે. આ પ્રકરણની વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. ટીમ દ્વારા ગત સાંજે કલ્યાણપુર પંથકમાં હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન એ.એસ.આઈ. અરજણભાઈ મારૂ, સજુભા જાડેજા તથા સહદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના પાનેલી ગામની સીમમાં નિલેશભાઈ રણમલભાઈ બેલાની વાડીના મકાનમાં તેના પિતરાઈ ભાઈ જયેશ ભાયાભાઈ બેલા નામના શખ્સ દ્વારા જુગાર રમાડવામાં આવતો હોવાની માહિતી ઉપરથી એલસીબી સ્ટાફ દ્વારા ગત સાંજે આ સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો. જયેશ ભાયાભાઈ બેલા દ્વારા પોતાના અંગત ફાયદા માટે બહારથી સ્ત્રી-પુરૂષોને બોલાવી અને અહીં જુગાર રમવાની સુવિધા તેમજ લાઈટ પાણી વિગેરે પુરા પાડી અને તેના બદલે નાલ ઉઘરાવીને ચલાવતા જુગારના અખાડામાંથી પોલીસે ખંભાળિયામાં રહેતા નથુ નારણ કાંબરીયા, રાવલ ગામના કાસમ સલેમાન ખીરાણી, જામનગરના ખીમજી નરસીભાઈ પુરોહિત, મહાદેવીયા(તા.કલ્યાણપુર) ગામના રમેશ પરબત ગોજીયા, રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના અલ્પાબેન સંજયભાઈ ચાવડા અને જામનગરના રીટાબા નવલસિંહ જાડેજા નામના કુલ સાત વ્યક્તિઓને દબોચી લેવામાં આવ્યા હતા. આ સ્થળેથી પોલીસે કુલ રૂપિયા ૩,૧૨,૯૦૦ની રોકડ રકમ ઉપરાંત રૂા.૨૦,૫૦૦ની કિંમતના પાંચ નંગ મોબાઈલ ફોન તેમજ રૂપિયા એક લાખની કિંમતના ચાર મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૪,૩૩,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
" ઇ " પ્રોક્યુરમેન્ટ નોટીશ નં.૧૬ સને ૨૦૨૨-૨૩

કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨, બ્લોક નં.૨, સાંદિપની રોડ, (ફોન નં.૨૨૨૦૫૦૩)પોરબંદરની કચેરી દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ઓન ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો nwr.nporcure.com ઉપરથી જોવા મળશે અને ટેન્ડરો આ સાઇટ પર ઓન લાઇન ભરવાના રહેશે.

| ક્રમ નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ રૂા. (૨) બાનાની રકમ રૂા. (૩) ટેન્ડર ફી./કોન્ટ્રાકટર શ્રેણી (૪) સમય મર્યાદા |
|---|---|---|
| ૧ | જંગલ કટીંગ ફ્રોમ કરલી આર.આર. ઇ-બંડ બી/ડબલ્યુ ચે.0.00 ટુ ચે. ૯૯૮0.00 એમ.ટી. એન્ડ મોકર-ટુકડા રોડ બી/ડબલ્યુ ચે.0.00 ટુ ૯૫૪0.00 એમ.ટી. નીયર વિલેજ ટુકડા-ગોસા ઇન પોરબંદર તાલુકા એન્ડ ડીસ્ટ્રીકટ | (૧) ૪,૩૯,૬00.00 (૨) ૪૪00.00 (૩) ૬00/ " ઇ-૨" અને ઉપર (૪) ૩ માસ |

| | |
|---|---|
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ભરવાની તારીખ અને સમય | તા.0૧-0૨-૨0૨૩ થી તા.૧૫-0૨-૨0૨૩ ના ૧૮:00 કલાક સુધી |
| ફીઝીકલ ડોકયુમેન્ટ પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય | તા.૧૬-0૧-૨0૨૩ થી તા.૨૩-0૨-૨0૨૩ ના ૧૬:00 કલાક સુધીમાં કાર્યપાલક ઇજનેરશ્રી ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨, ગ્રાઉન્ડ ફલોર, બ્લોક નં.૨ સાંદિપની રોડ, પોરબંદર ૩૬0 ૫૭૭ |
| ઓનલાઇન પ્રાઇસ બીડ ખોલવાની તારીખ અને સમય | તા.૧૬/૨/૨0૨૩ ના રોજ બપોરના ૧૨:00 કલાકે કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ક્ષાર અંકુશ વિભાગ, બ્લોક નં.૨, ગ્રાઉન્ડ ફલોર, બ્લોક નં.૨ સાંદિપની રોડ, પોરબંદર ૩૬0 ૫૭૭, ફોન નં.0૨૮૬-૨૨૨0૫0૩ ખાતે ખોલવામાં આવેશ. |

નોંધ: ૧) હવે પછી જે કાંઇ સુધારો થશે તે ઓનલાઇન સુધારો કરવામાં આવશે.
૨) વધુ વિગત માટે www.statetenders.gujarat.gov.in અને nwr.nprocure.com વેબસાઇટ જોવા વિનંતી.
માહિતી/પોર/જા x ખ / ૨૨૧ /૨0૨૩

જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે
જૂનાગઢમાં જલારામ સોસાયટીમાં ઉત્તર દિશાનો 3 BHK દીલથી બનાવેલ ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે
: કોન્ટેક નંબર :
પંકજભાઈ રૂપારેલીયા
મો.૯૮૯૮૭૫૪૩૨૮

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦
મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૬૦
ગાયનું ઘી રૂા. ૬૦૦
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ
ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

પવિત્ર રજબ
મહિના નિમિત્તે
સ્પે. રોટ મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વંદના બેકરી
તળાવ દરવાજા રોડ
જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# ખુરશી ઉપર બેસ્યાં વગર પહેલી વાર 'સ્ટેન્ડિંગ મિટિંગ' યોજતા કલેક્ટર રચિત રાજ



જૂનાગઢ, તા.૧

ખુરશી ઉપર સતત બેસી રહેવું ઘણી વાર સ્વાસ્થ્ય સંબંધિત અનેક બિમારીઓ તરફ દોરી જાય છે. ખાસ કરીને સરકારી કચેરીઓમાં અધિકારી-કર્મચારીઓને સતત ખુરશી ઉપર સતત બેસીને કામગીરી કરવાની રહેતી હોય છે. ત્યારે કલેક્ટર રચિત રાજે સ્વાસ્થ્ય સંબંધિ જાગૃતિ ફેલાવવા માટે નવતર અભિગમ અપનાવ્યો છે.

કલેકટર કચેરી ખાતે કલેકટર રચિત રાજના અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં અધિકારીઓએ ખુરશી ઉપર બેસ્યાં વગર જૂનાગઢ જિલ્લામાં પ્રથમવાર સ્ટેન્ડિંગ મિટિંગ યોજવામાં આવી હતી. આ બેઠકમાં ઉપસ્થિત અધિકારી-કર્મચારીઓએ સ્વાસ્થ્ય સંબંધિ જાગૃતિ માટેના કલેકટરના નવતર પ્રયોગને આવકાર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, વધારે પડતા સમય સુધી બેસીને કામ કરવાથી ફેફસાં અને શરીરના અન્ય અંગોમાં લોહીનુ પરિભ્રમણ ઓછુ થઈ જાય છે. જેની હૃદય ઉપર પણ અસર પડે છે. આમ, ઉભા રહેવાની સાથે કામ કરવામાં આવે તો ઘણી બિમારીઓથી બચી શકાય છે. મહત્વનું છે કે, દેશની કોઈ પણ કલેક્ટર કચેરીમાં આ પ્રકારનો પ્રયોગ થયો નથી.

# બાળ સખા યોજના-૩ હેઠળ જૂનાગઢ જીલ્લાના કોઈ પણ બાળ રોગ નિષ્ણાંત ડોક્ટર સાથે કોઈ કરાર કરાયા નથી

## મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીની સ્પષ્ટતા

જૂનાગઢ, તા.૧

પ્રજાસત્તાક પર્વ ૨૬ જાન્યુઆરી ૨૦૨૩ના નિમિત્તે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી દ્વારા જૂનાગઢ જિલ્લામાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં આરોગ્યની યોજનાઓની જાહેરાત આપીને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ આપવામાં આવેલ જાહેરાત પૈકી આ વર્તમાન પત્રો જેવા કે ગજાનંદ ન્યુઝ નેટવર્ક-જૂનાગઢ, સમીક્ષા દૈનિક, સુપરભૂમિ સાપ્તાહિક-માળીયા, જન અભિયાન, સોરઠની ખબર સાપ્તાહિક, આજના ચૂંટણી સમાચાર સાપ્તાહિક, સત્ય દિશા સાપ્તાહિક, મહિલા ક્રાંતિ સાપ્તાહિક જેવા વર્તમાન પત્રોમાં અત્રેની મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરીના આરોગ્ય શિક્ષણ માટે સંબંધિત કર્મચારી દ્વારા શરતચૂકથી બાળ સખા યોજના-૩ની જાહેરાત આપવામાં આવી હતી. આ આપવામાં આવેલ જાહેરાત સમાચાર અન્વયે સ્પષ્ટતા કરવાની કે, આ બાળ સખા યોજના-૩ જૂનાગઢ જીલ્લા પંચાયતના કાર્ય ક્ષેત્રમાં હાલ અમલમાં ચાલુ નથી તેમજ આ યોજના અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી દ્વારા યોજનાના નિયમનુસાર કોઈપણ બાળ રોગ નિષ્ણાંત ડોકટર એટલે કે, કોઈપણ પીડીયાટ્રીશયન ડોક્ટર સાથે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રીરીની કચેરી દ્વારા આ બાળ સખા યોજના-૩ અન્વયે કોઈ પણ જાતના કરાર કરવામાં આવેલ નથી. ઉકત વિગતે બાળ સખા યોજના -૩ બાબતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રીની કચેરી દ્વારા જૂનાગઢ જિલ્લાના કોઈપણ બાળ રોગ નિષ્ણાંત ડોકટર સાથે કોઈપણ જાતના કરાર કરવામાં આવ્યા નથી. જે બાબત જાહેર જનતાની જાણ માટે રજૂ કરવામાં આવે છે. તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો શિલ્પાબેન જાવિયાની યાદીમાં જણાવાયું છે.

# ભક્તકવિનરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલ મણકા કાર્યક્રમને ત્રણ લાખ લોકોએ ઓનલાઇન નિહાળ્યો

## સોરઠની સંસ્કૃતિને ઉજાગર કરતા ઈતિહાસ વિભાગ દ્વારા મણકા નામનો ઓનલાઈન અભ્યાસલક્ષી શૃંખલા શરૂ કરવામાં આવી છે

જૂનાગઢ, તા.૧

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગ દ્વારા છેલ્લા અઢી વર્ષથી ઓનલાઈન મણકા નામક અભ્યાસલક્ષી શૃંખલા શરૂ કરવામાં આવી છે. ઓગસ્ટ ૨૦૨૦થી શરૂ થયેલી આ યાત્રા હાલ ૧૦૬ મણકા ઉપર પહોંચી છે. મણકા નામના અભ્યાસલક્ષી શૃંખલાને આશરે ત્રણ લાખ લોકોએ ઓનલાઈન નિહાળ્યો છે.

ગિરનારની ગોદમાં નરસિંહના નામથી શરૂ થયેલી આ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા ડો. વિશાલભાઈ જોશી દ્વારા આયોજિત આ મણકાઓ યુનિવર્સિટી વિસ્તારના ચાર જિલ્લાઓમાં આવેલ પ્રસિદ્ધ ધર્મસ્થળો, તેની પરંપરાઓ,સંતો વગેરેને વિદ્યાર્થીઓ સુધી પહોંચતા કરવાના આશયથી આ મણકા યોજવામાં આવી રહ્યા છે. સોરઠ એ માત્ર પ્રદેશ જ નહીં પરંતુ સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિના ભવ્ય સ્થળોની દિવ્ય ઓળખ પુનઃસ્થાપિત થાય અને આવનારી પેઢી તેનું મહત્વ સમજે તે માટે આ અભ્યાસલક્ષી ઓનલાઇન કાર્યક્રમ ચાલી રહ્યો છે.

ખાસ કરીને કોરોનાકાળમાં વિદ્યાર્થીઓના મનોબળ મજબૂત કરવા અને સાથે સાથે તેનો અભ્યાસક્રમ પણ જળવાઈ રહે તેવા હેતુથી આ ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવેલું હતું. સમગ્ર વિશ્વના શ્રેષ્ઠતમ આધ્યાત્મિક ઐતિહાસિક ધર્મસ્થળો ધરાવતા જિલ્લાઓ ભક્તકવિ નરસિંહમહેતા યુનિવર્સિટીના વિસ્તારમાં આવેલા છે. જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર જિલ્લાના સ્થળો ઉપર યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગની ટીમ દર શનિવારે અચૂક રૂબરૂ પહોંચી જઈ ત્યાંનો ઈતિહાસ ત્યાંના મહંત, પૂજારી કે ટ્રસ્ટીઓને સાથે રાખી લાઈવ દર્શાવવામાં આવતા કદાચ ગુજરાતની કોઈ યુનિવર્સિટીમાં આ રીતે સતત અઢી વર્ષ સુધી ઓનલાઈન શિક્ષણ આપવાનો આ પ્રથમ બનાવ હશે. વળી કોઈ ધર્મસ્થળનું રેકોર્ડિંગ નહીં તે સ્થળ પર રૂબરૂ જઈ ત્યાંથી જ કાર્યક્રમ લાઈવ કરવાનો કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણા સ્ત્રોત બની રહ્યો છે. સમગ્ર કાર્યક્રમ યુનિવર્સિટીના કુલપતિ ડો. ચેતનભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સુભાષ મહિલા કોલેજના પ્રિન્સિપાલ બલરામ ચાવડાના સંયોજનથી ઈતિહાસ વિભાગના વડા પ્રોફેસર વિશાલભાઈ જોશીના આયોજનથી થઈ રહ્યું છે. આ કાર્યક્રમના પ્રસારણ માટે ઈતિહાસ વિભાગના પ્રો. રમેશ ચૌહાણ, પ્રો. અજય ટીટા, દર્શિત ગુજરાતી, મેહુલ શુક્લ, પૃથ્વી ખાંભલા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.આ કાર્યક્રમમાં પ્રસિદ્ધ ભગવત આચાર્ય રમેશભાઈ ઓઝા, શેરનાથબાપુ, ભારતીબાપુ વગેરે જોડાઈને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપેલા હતા. ગુજરાતના સૌથી ઊંચા શિખર ગોરખનાથથી પણ આ કાર્યક્રમ લાઈવ કરી એક નવો ઈતિહાસ આ વિભાગ દ્વારા રચવામાં આવેલો છે.

# મહેસુલી કામગીરીની પ્રગતિમાં સમગ્ર રાજ્યમાં જૂનાગઢ જીલ્લો ટોચના સ્થાને

# ડિસ્ટ્રીક્ટ સ્કોરિંગ મેટ્રિક્સના ઓવરઓલ રેન્કિંગમાં ૯૨ ટકા સાથે જૂનાગઢ જીલ્લો પ્રથમ ક્રમે

જૂનાગઢ, તા.૧

મહેસુલી કામગીરીને પ્રગતિને આંકતા ડિસ્ટ્રિક્ટ સ્કોરિંગ મેટ્રિક્સના ડિસેમ્બર માસના જાહેર થયેલા આંકડા મુજબ જુનાગઢ જિલ્લાએ સમગ્ર રાજ્યમાં ૯૨ ટકા સાથે ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, કલેક્ટર રચિત રાજે પડતર પ્રશ્નો સહિતના તુમારના નિકાલ માટે તબક્કાવાર અધિકારીઓ સાથે બેઠક યોજી, જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે જુદા-જુદા મહેસૂલી પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે સતત ફોલોઅપ કરવામાં આવ્યું હતું. આમ, કલેક્ટર કચેરી અને સમગ્ર જિલ્લાની પ્રાંત ઓફિસો તથા મામલતદાર કચેરીઓ હેઠળ નોંધપાત્ર થયેલ મહેસૂલી કામગીરીના આધારે જુનાગઢ જીલ્લો ટોચના સ્થાને પહોંચ્યો છે. ડિસ્ટ્રીક્ટ સ્કોરિંગ મેટ્રિક્સ સ્કોર **iORA** મારફત બિન ખેતી વગેરે, અરજીઓનો નિકાલ, **iRCMS** મારફત કેસોનું મોનીટરીંગ, ઈ-ધરા, ઈ-સેવા, જનસેવા કેન્દ્ર, સ્ટેમ્પ ડ્યુટી, પડતર કેસોનો નિકાલ, દફતર તપાસણી, જમીન સંપાદન સહિતના કામોમાં પ્રગતિના આધારે તૈયાર કરવામાં આવે છે. ડિસ્ટ્રીક્ટ સ્કોરિંગ મેટ્રિક્સ સ્કોર જિલ્લાની મહેસૂલી કામગીરીની પ્રગતિ દર્શાવે છે. જે મહેસૂલી સહિતની જુદા-જુદી કામગીરીના માપદંડોના આધારે નક્કી કરવામાં આવે છે. જેથી સમગ્ર રાજ્યના દરેક જિલ્લાના મહેસૂલી કામગીરીનો ચિતાર મેળવી શકાય.

# જેડબ્લુએ વડોદરાના ગોત્રીમાં ૨૮મો સ્ટોર શરૂ કર્યો






અમદાવાદ, તા.૧

જેડબ્લુ, પુરૂષોના કપડાના છુટક વિક્રેતાએ વડોદરા શહેરમાં ગોત્રી ખાતે તેનો બીજો સ્ટોર ખોલ્યો છે અને સમગ્ર ભારતમાં તેના સ્ટોર્સની સંખ્યા ૨૮ ઉપર પહોંચી ગઈ.

કંપની જે વિસ્તરણ મોડ ઉપર છે તેણે છેલ્લા ૩-૪ મહિનામાં પાલનપુર, મહેસાણા, પુણે ખાતે બીજો સ્ટોર્સ શરૂ કર્યો છે અને ટુંક સમયમાં પેલેડિયમ મોલ અમદાવાદ, ગાંધીનગર, સુરત, નવસારી, અકોલા અને રાયપુરમાં ૩જા નવા સ્ટોર્સ ઉમેરશે. ગોત્રી સ્ટોર ૭૦૦૦ ચોરસ ફુટમાં ફેલાયેલો છે અને જેડબ્લુની સમગ્ર શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય મેન્સવેર બ્રાન્ડસ તરફથી ઔપચારિક અને કેઝયુઅલ વસ્ત્રોથી લઈને તહેવારો અને પ્રસંગોના વસ્ત્રો અને પુરૂષો માટે લગ્નના વસ્ત્રો ઓફર કરશે. જીતેન્દ્ર ચૌહાણ, (ચેરમેન મેનેજીંગ ડિરેકટર, જેડબ્લુ લાઈફસ્ટાઈલ ઈન્ડીયા લિમિટેડ) એ નવા સ્ટોરના લોન્ચ વિશે વાત કરતા જણાવ્યું હતું કે વડોદરા અમારૂ બીજુ ઘર છે.

જયારથી અમે ૨૦૦૪માં અલકાપુરીમાં અમારો પહેલો સ્ટોર ખોલ્યો હતો. શહેરને વિકસતું જોઈને આનંદ થાય છે અને અમે તેની સાથે અમારો હાજરી વધારી રહ્યા છીએ તેથી ગોત્રી સ્ટોર ખોલ્યો.

# જૂનાગઢની આસ્થા હોસ્પિટલ ખાતે ડો. સૌમ્યા યાદવ દ્વારા એલર્જીની તપાસ તથા કાયમી છુટકારા માટેની સારવાર ઉપલબ્ધ



જૂનાગઢ, તા.૧

જૂનાગઢની આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ (એમ. ડી. પલ્મોનોલોજિસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશિયલિસ્ટ)ની યાદીમાં જણાવવામાં આવે છે કે, ઘણા લોકોને એલર્જી રહેતી હોય છે અને વાતાવરણ માફક ન આવતા એમને ઘણી બધી શારીરિક તથા માનસિક પીડાનો ભોગ બનવાનુ થતું હોય છે.

જયારે આવી પરિસ્થિતિઓમાં એલર્જીની તકલીફોનો ભોગ બનતા હોય છે. આવી પરિસ્થિતિમાં એમના રોગની એટલે કે એલર્જીની(subcuteneous સ્કિન પ્રિક ટેસ્ટ)ની તપાસ કરાવવી જરૂરી થતી હોય છે. આ તપાસ કરવાથી ખબર પડતી એલર્જી માટે sub-lingual immuno-therapy (એલર્જીની રસી) આપવા માં આવે છે. તેમાં દર્દીઓને કોઈપણ પ્રકારના ઈન્જેકશન આપવામાં આવતા નથી. અને એની કોઈ પણ પ્રકારની આડસર થતી નથી. અને પીડિત દર્દીને આ રસી થી એલર્જીનો કાયમી ઈલાજ થઈ શકે છે. અને ઘરે કરી શકાય તેવી તેમની સારવાર રહેતી હોય છે. જો કોઈને એલર્જીની તકલીફ રહેતી હોય તો

તપાસ કરવાની થતી હોય છે. તો તેમના રિપોર્ટ બહાર મોકલવાના થતા હતા. હવે એ સગવડતા જૂનાગઢની આસ્થા હોસ્પિટલમાં કરવામાં આવી છે. અને આ તપાસ ડૉ. સૌમ્યા ચિંતન યાદવ ( એમ. ડી. પલ્મોનોલોજિસ્ટ એન્ડ એલર્જી ઈમ્યુનોથેરાપિસ્ટ ) દ્વારા કરવામાં આવશે. ડૉ. સૌમ્યા યાદવે બેંગલોર ખાતે એલર્જીના નિદાન અને કાયમી સારવાર માટેની ખાસ તાલીમ મેળવેલ છે. વિશેષમાં ડો.સૌમ્યા ચિંતન યાદવ દ્વારા જણાવવામાં આવેલું છે કે ઘણા ખરા લોકોને લાંબા સમયથી શિયાળો, ઉનાળો કે ચોમાસામાં વાતાવરણની તકલીફને કારણે છીંક આવવી, નાક વહેવું, શરદી, ઉધરસ, આંખમાં ખંજવાળ, લાલાસ, ચામડીની એલર્જી, શીળસ સહિતની અનેક આસ્થા હોસ્પિટલના ડો.સૌમ્યા ચિંતન યાદવની મુલાકાત લેવા યાદીના અંતે જણાવેલ છે.

# ખંભાળિયામાં થેલેસેમિયાગ્રસ્ત દર્દીઓ માટે રક્તદાન કેમ્પ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ખંભાળિયા નજીક આવેલી બોમ્બે મિન્સ કંપની દ્વારા આ વિસ્તારના થેલેસેમિયાગ્રસ્ત દર્દીઓની સહાય માટે રક્તદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બોમ્બે મિનરલ્સ કંપની - આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન ચેતનભાઈ શાહના જન્મદિવસ નિમિત્તો કંપની દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે યોજવામાં આવેલા બ્લડ ડોનેશન કેમ્પમાં કંપનીના કામદાર ભાઈઓ-બહેનો વિગેરે દ્વારા નોંધપાત્ર માત્રામાં રક્તદાન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં એકત્ર થયેલું આ રક્ત અહીંની સરકારી હોસ્પિટલની બ્લડ બેંકને થેલેસેમિયાગ્રસ્ત બાળકોની સારવાર માટે અર્પણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કંપનીના ચીફ ઓપરેશન અધિકારી શ્રી મનુભાઈ રાઠોડ, કિશોરકુમાર ચૌધરી, ગુણાનંદ રોય ઉપરાંત કંપનીના ડોક્ટર રીઝવાનાબેન મુન્દ્રા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જુનિયર કલાર્કનું પેપર ફૂટતા ખંભાળિયામાં વ્યાપક વિરોધ સાથે પ્રદર્શન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ગુજરાતમાં રવિવારે યોજાનારી જુનિયર કલાર્કની પરીક્ષાનું પેપર આગલા દિવસે જ ફૂટી જતા સમગ્ર રાજ્ય સાથે ખંભાળિયા પંથકમાં પણ આના પરીક્ષાર્થીઓમાં ઉગ્ર રોષની લાગણી જોવા મળી હતી. આ મુદ્દે ખંભાળિયામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દેવભૂમિ દ્વારકા દ્વારા જુનિયર ક્લાર્કના પેપર લીક મામલે જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરો દ્વારા સરકાર સમક્ષ કરવામાં આવેલી વિવિધ માંગમાં જણાવાયું છે કે સરકાર દ્વારા તાકીદે પરીક્ષાની નવી તારીખ ઘોષિત કરી, ૨૦ દિવસમાં પુનઃ આ પરીક્ષા યોજવામાં આવે. પરીક્ષા માટે પરીક્ષાર્થીઓની આવશ્યક વ્યવસ્થાઓ (યાત્રા, આવાસ , ભોજન) ની વિશેષ જવાબદારી રાજ્ય સરકાર લ્યે. જુનિયર કલાર્ક પરીક્ષા લીક પ્રકરણની તપાસ "સીટ" કરે. જવાબદારો ઉપર રાષ્ટ્રદ્રોહનો ગુનો દાખલ કરવામાં આવે તેમજ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાયલ કરાવી આરોપીઓને તાત્કાલિક ધોરણે સખ્ત સજા આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ગુજરાતમાં પંચાયત કલાર્કની પરીક્ષાનું પેપર લીક થતા ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેક પરીક્ષાર્થીઓ ભારે હાલાકીમાં મુકાઈ ગયા હતા. આ પરીક્ષાનું પેપર લીક થતા ખંભાળિયામાં એસટી તંત્ર દ્વારા પણ વિદ્યાર્થીઓને કોઈ હાલાકી ન થાય તે માટે મજબૂત વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

આ ઉપરાંત એન.એસ.યુ.આઈ. દ્વારા પણ પેપર લીકની બાબતને ગંભીર અને દુઃખદ ગણાવી, રાજ્યના આશરે નવ લાખ જેટલા વિદ્યાર્થીઓનું મનોબળ ભાંગી ગયાનો પ્રતિભાવ વ્યક્ત કરી, આગામી સમયમાં જરૂર પડીએ ગુજરાત ભરમાં એન.એસ.યુ.આઈ. દ્વારા આંદોલન કરવામાં આવશે તેમ જણાવાયું હતું.

# પેપર લીક કૌભાંડના આરોપીઓના પ્રિન્ટિંગ પ્રેસ, કોચિંગ અને સંપત્તિની સરકાર હરાજી કરે : એબીવીપીની માંગ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ગત રવિવારે સમગ્ર ગુજરાતમાં લેવાનારી સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર ફૂટતા સરકારી નોકરી મેળવવા માટે રાજ્યના આશરે સાડા નવ લાખ જેટલા ઉમેદવારોએ તનતોડ મહેનત કરી અને તેઓની વ્યાપક તૈયારીઓ ઉપર પાણી ફરી વળ્યું છે. જેના અનુસંધાને સમગ્ર ગુજરાતમાં વિરોધ વંટોળ સાથે વિદ્યાર્થી સંસ્થા એબીવીપી દ્વારા પણ ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. ખંભાળિયામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરોએ રાજ્યના મુખ્યમંત્રીને સંબોધીને લખેલા એક પત્રને અહીંની જિલ્લા કલેકટર કચેરી ખાતે સુપ્રત કરી માંગ કરી છે કે આ કૌભાંડમાં સંડોવાયેલા આરોપીઓના પ્રિન્ટિંગ પ્રેસ, કોચિંગ કલાસીસ તેમજ સંપત્તિની સરકાર દ્વારા હરાજી કરી અને સમાજમાં કડક દાખલો બેસાડવો જોઈએ. સ્પર્ધાત્મક પરીક્ષા તંત્રમાં યોગ્ય અધિકારીઓ તેમજ શિક્ષણવિદોની ખાલી પડેલી મહત્વની જગ્યાઓ ઉપર તાકીદે નિયુક્તિ કરવી જોઈએ. જેથી આવા ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થતા અટકાવી શકાય.

# ખંભાળિયામાં પ્રશંસનીય સેવા બદલ હોમગાર્ડસના જવાનોને સન્માનિત કરાયા



જામ ખંભાળિયા તા.૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાની હોમગાર્ડસ યુનિટના કંપની કમાન્ડર ભરતભાઈ શામજીભાઈ કારડીયા અને મીઠાપુર યુનિટના સેકશન લીડર અરવિંદભાઈ ચૌહાણ અને સતીશભાઈ ભટ્ટને તેમની લાંબી, ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય સેવાની કદરરૂપે તાજેતરમાં મુખ્યમંત્રી દ્વારા જાહેર કરવામાં આવેલા ચંદ્રકને અહીંના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેના જાહેર કાર્યક્રમમાં જિલ્લા કલેકટરના હસ્તે આ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.







# યાદગાર ક્ષણો






સ્વ. શ્રી કાર્તિકભાઈ ઉપાધ્યાયને હૃદયાંજલિ :-

ઉદાસીનું જ જગ, વાતાવરણ દેખાય છે ગમગીન,
કલમ થઈ ધીમી, શબ્દો રડી પડ્યા,
ખંડિત ન જેને કાળ કદાપી કરી શકે,
એવું હૃદયમાં શિલ્પ તમે કોતરી ગયા.

— "આનંદ"
"ઉપરકોટની કાંગરેથી" કોલમનાં
કાર્ટુનિસ્ટ તથા કટાર લેખક






સમય જીંદગીનો ઓછો હશે... ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે.. એ ક્યાં ખબર હતી





મળે છે દેહ માટીમાં,
પણ માનવીનું નામ જીવે છે,
વિદાય લે છે માનવી પોતે,
પણ માનવીનાં કામ જીવે છે





















નથી હયાત પરંતુ સાથે જ છો તેવું હંમેશા લાગ્યા કરે છે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાષ થયા કરે છે,
ક્યારેક કહેવાયેલા તમારા સત્સંગનાં ભણકારા
સંભળાયા જ કરે છે અને યાદોમાં તમારા દર્શન થયા
જ કરે છે.

# સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

૨૯ જાન્યુઆરી ૧૯૬૧ • ૩૦ જાન્યુઆરી ૨૦૨૩

# ‘અર્હમ-અનુકંપા’ એમ્બ્યુલન્સ દ્વારા માંદા અને ઘાયલ પશુ-પક્ષીઓને નિઃશુલ્ક સારવાર અપાશે









રાષ્ટ્ર સંત નમ્ર મુની મહારાજે જૂનાગઢમાં ગયે વર્ષે ચાર્તુમાસ કર્યો ત્યારથી ધાર્મિક પ્રવૃત્તિઓની સાથો સાથ સામાજીક સેવાઓ જૂનાગઢ શહેરને મળેલી છે અને તેમાં તા.૨૯/૦૧/૨૦૨૩ ના રોજ ગુરૂદેવના આર્શીવાદથી જૂનાગઢમાં ‘‘અર્હમ અનુકંપા’’ હેઠળ માંદા, અશકત, ઘાયલ પશુપક્ષીની સ્થળ ઉપર જ ૨૪×૭ નિઃશુલ્ક સારવાર તથા સાજા ન થાય ત્યાં સુધી નિભાવ આપતી સંસ્થાનો શુભ આરંભ થયેલો છે. તા.૨૯/૦૧/૨૦૨૩ ના રોજ પ્રદિપ ટોકીઝ સામે આવેલ વણિક કન્યા છાત્રાલયમાં યોજાયેલ એક ગૌરવપુર્ણ સમારોહમાં આનું લોકાર્પણ કરવામાં આવેલ અને આવા કાર્યો માટે સર્વ પ્રથમ એક એમ્બ્યુલન્સની જરૂર પડે આથી રાષ્ટ્ર સંત નમ્ર મુની મહારાજે એક એમ્બ્યુલન્સ પણ આ અભિયાનને આપેલ છે.

આ પ્રસંગે યોજાયેલ સમારોહમાં પ્રમુખ સ્થાને આ અભિયાનના મુખ્ય પ્રણેતા અને પ્રમુખ કિર્તીભાઈ દોશી, જૂનાગઢના વણિક અગ્રણી અને આ કન્યા છાત્રાલય સાથે વર્ષોથી સંકળાયેલા હતા તે પ્રોફેસર વી.એસ.દામાણી, કરૂણા અભિયાન રાજકોટ સાથે સંકળાયેલ શ્રી સાંગાણી, જૈન અગ્રણી અને સાધ સાધ્વીની વયાવચમાં જેઓ અગ્રણી છેતેવા ઉદ્યોગપતિ શિરીશભાઈ પંચમીયા, વિખ્યાત આંખના સર્જન ડો.મિતેષ ખોખાણી, અને અર્હમ યુવાસેવા ગૃપ જૂનાગઢના મુખ્ય સુત્રધાર સુજલભાઈ દોશી તથા તેની સમગ્ર અર્હમ ટીમ હાજર રહેલી હતી. જૂનાગઢના પ્રિન્ટ અને ઈલેકટ્રોનીકસ મીડીયાના પ્રતિનીધી પણ હાજર હતા. પ્રમુખ કીર્તીભાઈ દોશીએ તેમના મનનીય પ્રવચનમાં અહિંસા જૈન ધર્મનું મુખ્ય સુત્ર છે તેની સાથો સાથ જૂનાગઢ માટે આ વિશેષ છે તે માટે તેમણે જૈનોના તીર્થંકર નેમીનાથ ભગવાનનો દાખલો આપેલો કે જેમના લગ્ન પ્રસંગે ખોરાક માટે મંગાવેલા પશુઓનો આંતરનાદ સાંભળીને લગ્ન મંડપ છોડી ગિરનારમાં આવી ગયેલા હતા અને તેમની પાછળ તેમના જેમની સાથે લગ્ન થવાના તે રાજુલસતી પણ આવી ગયેલ અને આજની તારીખે પણ ગિરનારમાં જૈન દેરાસર અને અંબાજી ટુંકની વચ્ચે સતી રાજુલમતીની ગુફા છે. આ રીતે જૈનોના તીર્થંકર નેમીનાથ ભગવાનનું કેવળ જ્ઞાન તથા દિક્ષા અને મોક્ષ કલ્યાણક ગિરનાર ક્ષેત્રમાંથી થયેલ હોય જૂનાગઢમાં અહિંસા બાબત જૈનોમાં વિશેષ કાળજી હોય તે સ્વાભાવીક છે અને તેમાં પણ રાષ્ટ્ર સંત નમ્ર મુની મહારાજની પ્રેરણાથી અને જૈનોનું જે મુખ્ય સુત્ર છે ‘‘અહિંસા પરમો ધર્મ’’ તેને વાસ્તવીક રીતે સાકાર કરવા માટે જૂનાગઢના અર્હમ યુવા સેવા કેન્દ્ર એ ‘‘અર્હમ અનુકંપા’’ પ્રોજેકટનો શુભઆરંભ કરેલો છે. અને ગરૂદેવની પ્રેરણા થી ‘‘અર્હમ અનુકંપા’’ના નામે એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવેલ છે. જેના દ્વારા માંદા અશકત, ઘાયલ પશુ-પંખીઓની સારવાર સ્થળ ઉપર જ નિઃશુલ્ક કરવામાં આવશે એટલુ જ નહી પરંતુ આ અબોલ જીવ સાજા ન થાય ત્યાં સુધી તેના નિભાવની જવાબદારી અર્હમ યુવા સેવા ગૃપના સભ્યો લેશે. આ પ્રોજેકટના ચેરમેન અને અર્હમ સેવાયુવા ગૃપના ઉત્સાહી સભ્ય કીર્તીભાઈ દોશી વર્ષોથી જૂનાગઢમાં જીવદયાનું કામ કરે છે. અને કદાચ જીવદયા ક્ષેત્રે જૂનાગઢમાં તેમણે પ્રથમ એકલા હાથે અને ત્યારબાદ એક ગૃપ બનાવીને આ સેવાની શરૂઆત કરેલી હતી. આથી આવા અનુભવી અને કસાયેલા અને ગરૂદેવના અનન્ય ભકત એવા કીર્તીભાઈ દોશીના વડપણ હેઠળ અને મૌન પણે સેવામાં જે માને છે તેવા અર્હમ યુવા સેવા ગૃપના સુજલભાઈ દોશીની આગેવાની નીચેના બધા જ જીવદયા પ્રેમી સભ્યો આ પ્રોજેકટને સફળ બનાવવા અને ‘‘અહિંસા પરમો ધર્મ’’ એ જૈનોનો સિધ્ધાંત છે તેને વાસ્તવીક અર્થમાં ચરીતાર્થ કરવા માટે પ્રયાસ કરી રહયા છે અને જયારે આવા પ્રયાસને રાષ્ટ્ર સંત ગુરૂદેવના આર્શીવાદ હોય ત્યારે તેની સફળતા માટે કોઈ શંકા હોઈ શકે જ નહીં. આ પ્રસંગે ઉપસ્થીત જૂનાગઢ સ્થાનકવાસી સંઘના મોભી કહી શકાય તેવા પ્રો.દામાણીએ પોતાના પ્રવચનમાં રાષ્ટ્ર સંતના આર્શીવાદથી બનેલ આ ગૃપને પોતાના શુભ આશીષ આપેલા હતા. કરૂણા ફાઉન્ડેશન રાજકોટના શ્રી સાંગાણીએ આ પ્રસંગે હાજર રહી પોતાની ખુશી વ્યકિત કરેલી હતી અને અર્હમ સેવા યુવા ગૃપના સભ્યોને રાજકોટથી લાવેલ ખાસ મોમેન્ટો અર્પણ કરેલ હતી. આ પ્રસંગે ઉપસ્થીત જૈન અગ્રણી અને વકિલ કિરીટભાઈસંઘવીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવેલ હતું કે વિશ્વના સમગ્ર ધર્મનો ઈતિહાસ તપાસીએ તો જે ધર્મ સામાજીક સેવા કરેલ નથી તે ધર્મ કાળક્રમે નાશ પામેલ છે. અને રાષ્ટ્ર સંત નમ્ર મુની મ.સા. જૈન ધર્મના પ્રચાર અને પ્રસતની સાથો સાથ લોક જાગૃતિના સામાજીક પ્રહરી તરીકે અને જૈન ધર્મના પાયાના સિધ્ધાંત અહિંસાને વાસ્તવીક રીતે મુર્તીમંત કરવાના હેતુથી અનેક સામાજીક સેવાઓ શરૂ કરેલી છે. જેમા અર્હમ આહાર યોજના, નીચે ભુખ્યાને અન્ન તેજ રીતે કીડનીના દર્દીઓ માટે ડાયાલીસીસ, ભુકંપ કોરોના જેવી દુર્ઘટના વખતે જરૂરી સવલતો અને આર્થીક અનુદાન શૈક્ષણીક ક્ષેત્રે સ્કોલરશીપ, તબીબી સહાયો, વિગેરે સંખ્યાબંધ યોજનાઓ દ્વારા સામાજીક સેવાનુ સુંદર ઉદાહરણ પુરૂં પાડેલ છે ગરૂદેવ જયારે જૂનાગઢ ચાર્તૂમાસ વખતે ગયા વર્ષે પધાર્યા ત્યારે રોટલી બનવાના મશીનથી દરરોજ ૧૦૦૦ જેટલી રોટલીઓ અર્હમ સેવા યુવા ગૃપના માર્ગદર્શન નીચે સર્વોતમ ઘઉના લોટમાં બનેલ અને અમુલનું ઘી તેના ઉપર લગાડી અને ફોઈલ પેકીગમાં પેક કરી જૂનાગઢની જુદી જુદી સેવાકીય સંસ્થાને આપવામાં આવે છે જે આજની તારીખે પણ પંચેશ્વર રોડ ઉપર આવેલ દશાશ્રી માળી બોર્ડીંગના કન્યા છાત્રાલયમાં આ પ્રોજેકટ કાર્યરત છે. ગરૂદેવની અબોલ જીવ પ્રત્યની અનુકંપનાઓનો પ્રત્યક્ષ પરચો હામાં જ મળી ગયો, ભવનાથમાં પારસધામ ગિરનાર બની રહયું છે તેનું નિરીક્ષણ આર્કિટેક એન્જીનીયર તથા ભાવીકો સાથે કરી રહયા હતા ત્યારે ગુરૂદેવે એકાએક કહેલ કે આપણું તો રહેવાનું થયું પણ અહી વાંદરાઓ પણ બહુ આવે છે અને પશુ-પક્ષીઓ પણ બહુ જ આવે છે તેનુ શું ? આથી ગુરૂદેવની સુચનાથી તુરત જ પારસધામ ગિરનારના કેમ્પસમાં જ અને જયારે દશાશ્રી બોર્ડીંગના વિકાસ કામની શરૂઆત થાય ત્યારે ત્યાં પણ પશુપક્ષીઓ માટે ચબુતરો ઉભો કરવાની સુચના આપેલ અને પારસધામ ગિરનારના કેમ્પસમાં આવો ચબુતરો તાત્કાલીક તૈયાર થઈ જશે તેવી ખાત્રી ગુરૂદેવના અનન્ય ભકત અને આ બાંધકામની સંપુર્ણ પણે કાળજી લેતા યતીનભાઈ કોટેચાએ પ્રતિસાદ આપી દિધેલ. આવી જ કરૂણા ગુરૂદેવ જયારે જયારે વિહારમાં હાઈવે ઉપરથી પસાર થતા હોય ત્યારે હાઈવે ઉપરના પશુઓ અને ખાસ કરીને માંદા અને અપંગ પશુઓ સબંધેની અનુકંપાના કારણે કચ્છમાં પુંનડી મુકામે તેમનું ચાર્તુમાસ હતું ત્યારે મહાજન ફાઉન્ડેશનના સહકારથી આશરે ૧૪ જેટલી પશુ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરીને મુંબઈ માટે આપેલ હતી અને જૂનાગઢમાં ગુરૂદેવ થોડા સમય પહેલા પધાર્યા હતા ત્યારે તેમણે જૂનાગઢમાં આવી વ્યવસ્થા કરવા માટે સુચન કરતા અર્હમ સેવા યુવા ગૃપના જૂનાગઢના સભ્યોએ ગરૂદેવના બોલ તુરત જ જીલીને જીવદયાની આ પ્રવૃત્તિ શરૂ કરવા સંકલ્પ લીધો અને થોડા જ દિવસોમાં પ્રદિપ ટોકીઝ સામે આવેલ કન્યા છાત્રાલયના બિલ્ડીગમાં આ સેવા સંપુર્ણ પણે કાર્યરત થઈ ગયેલી છે. આ પ્રોજેકટ જીવદયાને એટલા માટે ખુબ જ જરૂરી હતો તેનું સુંદર અને પ્રત્યક્ષ ઉદાહરણ એ આપી શકાય કે એમ્બ્યુલન્સના લોકાર્પણ અને જીવદયાના આ પ્રોજેકટના લોન્ચીંગનો નાનો એવો કાર્યક્રમ ચાલી રહયો હતો ત્યારે ચારથી પાંચ ફોન જી માંદા પશુ અને પક્ષીની સારવાર કરવા માટે આવી ગયેલા જેમાંથી રાયજીબાગના એક સબંધીએ પણ મને પણ ફોન કરેલો હતો. અને હજુ આ લોકાર્પણ સમારંભ પુરો પણ થયો ન હતો ત્યાં અર્હમ અનુકંપાની એમ્બ્યુલન્સ સ્થળ ઉપર પહોચી ગયેલી હતી અને આ રીતે હજુ લોકાર્પણ થતું હોય અને ત્યાંજ સમગ્ર ટીમ કાર્યરત થઈ જાય તેવો શુભગ સંગમ ગુરૂદેવના આર્શીવાદ વગર શકય છે જ નહીં. આ રીતે ગુરૂદેવના જીવદયા અભિયાનમાં જૂનાગઢ અર્હમ યુવા સેવા ગૃપે જૂનાગઢના અબોલ પશુપંખી માટે ૨૪×૭ ની સેવાઓ શરૂ કરી છે તે સમગ્ર જૂનાગઢના ફકત જૈન સમાજ માટે નહીં પરંતુ સમગ્ર શહેર માટે આવકાર દાયક અને પ્રશંસા પાત્ર છે. આ જીવદયા પ્રોજેકટ માટે વ્યવસાયીક ડોકટરની સાથો સાથ અર્હમ યુવા સેવા ગૃપ જૂનાગઢના સભ્યો સક્રિય પણે જોડાયેલા છે. આથી જૂનાગઢની જનતાને ખાસ વિનંતી કે જયારે જયારે જૂનાગઢમાં અને આજુ બાજુના વિસ્તારમાં તમો માંદા અશકત કે ઘાયલ પશુ-પક્ષીઓને જુઓ તો તુરત જ અર્હમ અનુકંપાની ટીમને ફોન કરશો તો તુરત જ તે હાજર થઈ જશે આ માટેનો હેલ્પલાઈન મોબાઈલ નં. ૯૯૧ ૩૯ ૧૦૧૦૮ છે. આથી દરેક લોકો પોતાના મોબાઈલમાં આ હેલ્પ લાઈન નંબર સેવ કરી લે, જેથી અપ્રત્યક્ષ રૂપે પણ ગુરૂદેવના આ કાર્યમાં આપણે સહભાગી બની શકીએ. આ પ્રસંગે જૂનાગઢની વિવિધ સામાજીક સંસ્થાઓના પ્રતિનીધીઓ તથા સમગ્ર જૂનાગઢના પ્રેસ અને મિડીયાના પ્રતિનીધીઓ પણ હાજર રહેલા હતા. આ સમગ્ર સમારંભને ગુરૂદેવના આર્શીવાદ મળતા હોય તે રીતે પુજય ગુરૂદેવનું એક વિશાળ કટઆઉટ રાખવામાં આવેલ હતું પુજય ગુરૂદેવ બધાને આર્શીવાદ આપતા હોય તે જોઈ શકાતું હતું. આ પ્રસંગે જૂનાગઢ સ્થાનકવાસી જૈન સંઘની કારોબારી સમિતિના સભ્યો, અગ્રણી શ્રાવકો, લાયન્સ કલબના મુખ્ય સુત્રધાર અને સામાજીક જીવનના પ્રહરી અને જેમને કોરોના કાળમાં માનવ સેવાનુ સુંદર ઉદાહરણ પુરૂં પાડેલુ હતું તેવા સરકારી વકિલ તથા નોટરી જયકિશનભાઈ દેવાણી પણ હાજર હતા અને તેમણે પણ ગુરૂદેવના આ અભિયાનને આવકારીને પોતાની તથા લાયન્સ કલબની જયારે - જયારે જરૂર પડે ત્યારે સેવા આપવા માટે તત્પરતા બતાવી હતી. સમારંભના અંતે જીવદયાના વિચારને અનુરૂપ પક્ષીઓ માટે ચણ અને પાણી બાલ્કનીમાં રાખી શકાય તે પ્રકારના ફીડર આ પ્રસંગે સુંદર બનાવેલા હતા તે બધાને સ્મૃતિચિન્હ તરીકે અપાયેલા હતા તે આ સમારંભની ખાસ વિશેષતા રહી. આ સંસ્થાના પ્રમુખ કિર્તીભાઈ દોશી તથા અર્હમ સેવા યુવા ગૃપના તમામ સભ્યો સુજલભાઈ દોશીના નેતૃત્વ નીચેની સમગ્ર ટીમે જૂનાગઢની જીવદયા પ્રેમી પ્રજાને ખાસ વિનંતી કરેલી છે કે અર્હમ અનુકંપા એમ્યુલન્સ અને નિષ્ણાંત ડોકટરની જયારે પણ આજુબાજુમાં પશુ-પક્ષીની સારવાર માટે જરૂર પડે ત્યારે કોઈપણ સમયે હેલ્પલાઈન ફોન ઉપર ફોન કરીને જણાવશો એટલે તુરત જ એબ્યુલન્સ ત્યાં પહોચી જશે અને આ રીતે પુજય ગુરૂદેવે જૂનાગઢમાં જીવદયાની જે આહલેખ જગાવી છે તેમાં તમારો યથાયોગ્ય સહકાર આપશો તેવી સમગ્ર જૂનાગઢની અને આજુબાજુની ધર્મપ્રેમી અને જીવદયા પ્રેમી જનતાને અનુરોધ કરેલ છે.

– કિરીટ બી.સંઘવી, એડવોકેટ –
‘સંયોજક–વનમેન આર્મી’, જૂનાગઢ

# કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટતા ખંભાળિયામાં ''આપ'' દ્વારા આવેદન પત્ર અપાયું

## ઉમેદવારોને વળતર ચૂકવવા તથા જવાબદારીઓ સામે કડક પગલાની માંગ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા. ૧

ગત રવિવાર તારીખ ૨૯ મીના રોજ સરકાર દ્વારા યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર લીક થતા વિદ્યાર્થીઓના રોષ સાથે વ્યાપેલા વિરોધમાં ખંભાળિયાના અનેક વિદ્યાર્થીઓ પણ હેરાન-પરેશાન થયા છે. જેના અનુસંધાને મુખ્યમંત્રીને સંબોધીને આમ આદમી પાર્ટી દ્વારા ખંભાળિયામાં જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવાય મુજબ સ્પર્ધાત્મ પરીક્ષાનું પેપર ફૂટી ગયું અને પરીક્ષા રદ કરવી પડી. પરીક્ષા રદ કરવાનો મતલબ છે કે સાડા નવ લાખ યુવાનોના પરિવારના સપના રોળાઈ જવા. કરોડો રૂપિયાનો વિદ્યાર્થીઓએ કરેલો ખર્ચ એળે જવો. આજે મોંઘવારીના સમયમાં પરીક્ષા પાછળ પુસ્તકો, વર્ગો, વાહન ખર્ચ વગેરે મળીને એક એક વિદ્યાર્થી ઓછામાં ઓછા ૫૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરે છે અને પરીક્ષાના દિવસે જ એને ખબર પડે છે કે પેપર ફૂટી ગયું અને પરીક્ષા રદ થઈ!! આમ આદમી પાર્ટી-ગુજરાતની અત્યારસુધી ફૂટેલા તમામ પેપરો માટે કેટલા અને કોણ કોણ લોકો પકડાયા એની વિગતો જનતા સમક્ષ મૂકી ગત રવિવારના પેપર ફૂટવાના આ બનાવ માટે સુપ્રીમ કોર્ટના નિવૃત ન્યાયાધીશના વડપણ હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવે તથા અત્યાર સુધીના તમામ પેપર ફૂટવાના કેસો એક જ કોર્ટમાં લાવી રોજ-રોજના ધોરણે સુનાવણી કરી કેસો સમયમર્યાદામાં પુરા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આટલું જ નહીં, તત્કાલીન રદ થયેલી પરીક્ષાના ઉમેદવારોને થયેલા નુકશાન માટે દરેકને રૂપિયા ૫૦૦૦૦નું વળતર આપવામાં આવે, તેવી માંગ સાથે હવે પછી એક પણ પેપર ખાનગી પ્રેસમાં ના છપાય તેવી જોગવાઈ કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. સરકાર દ્વારા જો આ અંગેના જરૂરી પગલાં નહિ લેવામાં આવે તો આગામી દિવસોમાં યુવા-જાગૃતિ માટે અને ગુનેગારોને સજા અપાવવા માટે એક જવાબદાર રાજકીય પક્ષ તરીકે આમ આદમી પાર્ટી કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# વેરાવળના આજોઠા ખાતે પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાની કૂકિંગ સ્પર્ધા યોજાઈ

## વિજેતાને નાયબ કલેકટર જે.જે.કનોજિયાના હસ્તે રૂા.૧૦ હજારનો ચેક અને પ્રમાણપત્ર એનાયત






વેરાવળ તા. ૧

પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના અંતર્ગત સાયકલોન સેન્ટર આજોઠા ખાતે મિલેટ-જાડાધાન બાજરાની વાનગીઓની જિલ્લા કક્ષાની કૂકિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્પર્ધકોએ મુખ્યત્વે જાડા ધાન અને બાજરાનો ઉપયોગ કરી વાનગીઓ તૈયાર કરી હતી. જેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતાઓને નાયબ કલેકટર (મધ્યાહન ભોજન) જે.જે.કનોજિયાએ અનુક્રમે ૧૦,૦૦૦, ૫૦૦૦ અને ૩૦૦૦નો ચેક અને પ્રમાણપત્રથી સન્માનિત કર્યા હતા.

જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં વેરાવળ, ઉના, તાલાલા, ગીરગઢડા, કોડીનાર, સુત્રાપાડા તાલુકા કક્ષાએ વિજેતા એવાં કુલ ૧૨ સ્પર્ધકોએ ભાગ લઈ જુવારના ઉપમા, જુવારના સ્ટીમઢોકળા, મિક્સ લોટના લાડુ, બાજરાનો ખીચડો, મિક્સ લોટના શીરા જેવી અવનવી વાનગીઓ તૈયાર કરી હતી. વિજેતા ઉપરાંત અન્ય સ્પર્ધકોને ૫૦૧ રૂ.નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યુ હતું.

આ તકે નાયબ કલેકટર જે.જે.કનોજિયાએ જણાવ્યું હતું કે, મધ્યાહન ભોજનનો મુખ્ય હેતુ વિવિધ પ્રકારની તાજી વાનગીઓ પીરસી બાળકોને પૌષ્ટિક આહાર મળે અને તેઓ તંદુરસ્ત રહે તેવો છે. મધ્યાહન ભોજનમાં આપવામાં આવતું અનાજ તેમજ કઠોળ આરોગ્યપ્રદ રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. જેથી જો બાળકોમાં પોષક તત્વોની ખામી હોય તો આવા ધાન્ય પૂરક બને છે અને બાળકોના વિકાસમાં મદદરૂપ થાય છે.

આ વાનગી સ્પર્ધામાં વિજેતા કોડીનાર રામનગર પ્રાથમિક શાળાના ગૌસ્વામી જ્યોતિબહેનને (પ્રથમ ક્રમ) રૂા.૧૦ હજાર, મીઠાપુર પ્રાથમિક શાળાના અપારનાથી દિવ્યાબહેનને (દ્વિતિય ક્રમ) રૂા.૫ હજાર અને ગુંદરણ પ્રાથમિક શાળાના પીઠિયા ભાવનાબહેનને (તૃતિય ક્રમ) રૂા.૩ હજારનો ચેક તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ તકે આભારવિધિ નોડલ ઓફિસર કમલેશભાઈ વાળાએ કરી હતી. જ્યારે કાર્યક્રમમાં નાયબ મામલતદાર મમતાબેન બારડ, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભરતભાઈ બારડ, મધ્યાહન ભોજનના કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોની પણ બહોળી ઉપસ્થિતી રહી હતી.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ સ્પર્ધા યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા. ૧

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં યોગ(આસન) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ તાજેતરમાં ખંભાળિયાની અગત્સ્ય સ્કૂલ ખાતે આ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અનિલભાઈ ત્રીવેદી(ઝોન કોર્ડીનેટર - જી.વાય.એસ.બી.), ગૌરાંગ વ્યાસ(યોગ નિષ્ણાંત), વિજયભાઈ શેઠ(કચ્છ જિલ્લા કોર્ડીનેટર), ધનાભા જડીયા(દેવભૂમિ દ્વારકા જિલ્લા કોર્ડીનેટર), લાખાભાઈ કરમુર તેમજ અતિથિ વિશેષ તરીકે નગરપાલિકાના ઉપપ્રમુખ જગુભાઈ રાયચુરા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન લખનભાઈ વારોતરીયા તેમજ મહિલા પતંજલી યોગ સમીતી ખંભાળિયાના પ્રભારી દિપ્તીબેન પાબારી અને રીટાબેન પોપટ અને ટીમ દ્વારા કરવામાં આવ્યું

# ખંભાળિયામાં વરિયા પ્રજાપતિ સમાજનો સમુહ લગ્ન કાર્યક્રમ યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૧

ખંભાળિયામાં સમસ્ત વરિયા પ્રજાપતિ સમાજ દ્વારા ૩૩માં સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્ઞાતિના છ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. જેમને ઉપસ્થિત જ્ઞાતિજનોએ સુભાષિત પાઠવ્યા હતા. આ સમૂહ લગ્ન પ્રસંગે ખંભાળિયાના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વરિયા પ્રજાપતિ સમૂહ લગ્ન સમિતિના ધીરૂભાઈ ટાકોદરા (ઉપપ્રમુખ, ખંભાળિયા શહેર ભાજપ), રતિલાલભાઈ નડિયાપરા, શૈલેષભાઈ ટાકોદરા, જીગ્નેશભાઈ વાડોલીયા, ધીરુભાઈ ઈડરીયા, રાજુભાઈ વિગેરે દ્વારા ઉપસ્થિતોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ ભાવનાબેન પરમાર, પૂર્વ ધારાસભ્ય મેરામણભાઈ ગોરીયા, પાલિકાના કારોબારી ચેરમેન હીનાબેન આચાર્ય, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, જીગ્નેશભાઈ પરમાર, સંદીપભાઈ બેરા, કાનભાઈ કરમુર, જીતેન્દ્રભાઈ કણજારીયા, રેખાબેન ખેતીયા, પી.એમ. ગઢવી સહિતના હોદેદારો-કાર્યકરો ખાસ

# ખંભાળિયા વિશ્વ હિન્દુ પરિષદના નવા હોદેદારો વરાયા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૧

ખંભાળિયામાં વિશ્વ હિન્દુ પરિષદની દેવભૂમિ દ્વારકા જિલ્લાની બેઠક તાજેતરમાં અહીંના જલારામ મંદિર ખાતે યોજવામાં આવી હતી. જેમાં વિશ્વ હિન્દુ પરિષદના ખંભાળિયા શહેર તથા તાલુકાના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદના શહેર પ્રમુખ તરીકે કિરણબેન સરપદડીયા, મંત્રી તરીકે તપનભાઈ શુક્લા, તાલુકાના મહિલા સંયોજીકા તરીકે સંગીતાબેન ભટ્ટ, શહેર દુર્ગાવાહિની સંયોજીકા તરીકે નિરાલીબેન નિમાવત, તાલુકાના મંત્રી તરીકેમિલનભાઈ વારીયા અને સહમંત્રી વિજયભાઈ કટારીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેને સર્વેએ આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

# ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. જૂનાગઢમાં નવનિયુક્તી થયેલા હોદ્દેદારોનો પરચિય તથા સન્માન સમારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. જૂનાગઢની સને ૨૦૨૨-૨૩થી સને ૨૦૨૭-૨૮નાં વર્ષમાં પદાધિકારી તરીકે બિનહરીફ થયેલ ચેરમેન સાગરભાઈ ડોલરભાઈ કોટેચા તેમજ વાઈસ ચેરમેન વિજયસિંહ મહિપતસિંહ રાયજાદા કેશોદ તથા મેનેજીંગ ડીરેકટર તરીકે જ્યોતિષભાઈ માાંકડનો સત્કાર સમારંભ યોજવામાં આવેલ હતો. ચેરમેન સાગરભાઈ કોટેચાએ અમદાવાદની પ્રતિષ્ઠીત ધ અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી. અમદાવાદમાં સીનીયર મેનેજરનાં ઉચ્ચ હોદ્દા ઉપર છેલ્લા આઠ વર્ષથી ફરજ બજાવી રહ્યા હતા. તેમનો બહોળો અનુભવ બેંકનાં સભાસદો, થાપણદારો, ધિરાણદારો તેમજ ગ્રાહકોને આધુનિક કોમ્પ્યુટરાઈઝ બેંકીંગ કાર્યો વડે અવિરત મળતો રહેશે. આ તકે સાગરભાઈ કોટેચાએ બોર્ડ તથા કર્મચારીઓના સમન્વયથી બેંક પ્રગતિનાં ઉચ્ચ શિખરો સર કરશે તેવી આશા અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નવનિયુક્ત ડાયરેકટર્સનાં અભિવાદન કાર્યક્રમમાં કર્મચારી મિત્રો, શૂભેચ્છકો હાજર રહી સાગરભાઈ કોટેચાને શુભેચ્છા પાઠવેલ હતી. જ્યારે બેંકનાં સીઈઓ રાજેશ મારડીયાએ બેંકની વણથંભી ઉત્તરોત્તર પ્રગતિથી માહિતગાર કરી આભાર વ્યક્ત કરેલ હતો.

# સોમનાથ મહાદેવ મંદિરે ૬ લાખથી પણ વધુ દર્શાનાર્થીઓ ભગવાન શિવનાં દર્શનથી ધન્ય બન્યા



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર હવે અન્ય સુપ્રસિધ્ધ તીર્થોની જેમ બારેય માસ દર્શનાર્થી-પ્રવાસીઓથી છલકાતું રહે છે. વિતેલા જાન્યુ. ૨૦૨૩માં ૬,૦૭,૩૫૨ દર્શનાર્થીઓએ ભગવાન ભોલાનાથનાં દર્શન કરી ધન્ય બન્યા હતા. જે વર્ષ ૨૦૨૧નાં જાન્યુ.માં ૪,૩૭,૭૪૭ અને વર્ષ ૨૦૨૨માં ૩,૦૧,૩૧૩ દર્શનાર્થીઓએ દર્શન કર્યા હતા. દિનપ્રતિદિન યાત્રિકો-પ્રવાસીઓની સંખ્યામાં થઈ રહેલા વધારાને અનુરર્પ સોમનાથ ટ્રસ્ટ સચિવ યોગેન્દ્ર દેસાઈ તેમજ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા આગામી શિવરાત્રી અંગે તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

# વંથલીનાં નરેડીમાં અંધશ્રધ્ધાનો કિસ્સો પોલીસ દફતરે નોંધાયો

## પુત્રવધુનો ખોળો ભરવા પાડોશીની દિકરીનાં માથા ઉપર સાત વખત નાળીયેર ફેરવ્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧

વંથલીનાં નરેડી ગામે રહેતી એક મહિલાએ તેની પડોશમાં રહેતા ચંપાબેન હરસુખભાઈ સીંગલ, ચંપાબેનનાં પુત્ર રાહુલ સીંગલ અને રાહુલની પત્ની ચાંદની સામે પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે મહિલા અને તેમનાં પતિ બંને ખેત મજુરી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. અને તેમને સંતાનમાં પાંચ દિકરીઓ છે. જેમાં બીજા નંબરની દિકરી ધો. ૭માં અભ્યાસ કરે છે. આ દિકરી ૨૬ જાન્યુઆરીનાં રોજ ધ્વજવંદન કરવા માટે તૈયાર થતી હતી ત્યારે માતાએ જોયું કે તેના માથામાં નવી રીંગ અને હાથમાં ભાગ હતો. જે અંગે દિકરીને પુછતા તેણીએ ગભરાઈને સઘળી હકીકત માતાને જણાવતાં કહયું કે, બે દિવસ પહેલા ૨૪ જાન્યુઆરીનાં રોજ સાંજે તમે કોઈ ઘરે ન હતા ત્યારે પાડોશમાં રહેતા ચંપાબેન ઘરે આવેલા અને તેણીને પૈસા વાપરવાની લાલચ આપીને તેમનાં ઘરે લઈ ગયા હતાં ત્યાં ઘરનાં ઉંબરે તેનો દિકરો અને પુત્રવધુ ઉભા હતાં. તેણીને તેની બાજુમાં ઉભી રાખી ઘરમાંથી નાળીયેર લઈ આવીને મારા હાથે તેનાં દિકરા-વહુ ઉપર સાત વખત ફેરવાવી બાદમાં ચંપાબેને તે જ નારીયેળ તેણી ઉપર સાત વખત ફેરવ્યું હતું. બાદમાં રૂા. ૧૦૦ આપીને આ વાત કોઈને કહેતી નહી નહીતર જીવતી નહી રહે તેવી ધમકી આપી હતી. અને ગામમાં આવેલી કટલેરીની દુકાને લઈ જઈ ભાગ અને રીંગ અપાવેલ હતી. આ અંગે જયારે ચંપાબેને તરૂણીની માતાએ પુછતા તેણીએ એવું જણાવ્યું હતું કે મારા દિકરની વહુનો ખોળો ભરાતો નથી જેથી મેં તમારી દિકરી ઉપર નાળીયેર ફેરવ્યું હતું. જે અંગે દિકરીની માતાએ વંથલી પોલીસમાં સંઘળી હકીકત જણાવી ફરીયાદ નોંધાવી હતી.

# માંગરોળ : વરસાદી પાણીનાં નિકાલની વ્યવસ્થા કરવા ખેડૂતોની માંગ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧

સુલતાનપુર ફાટક (ભોયવાવ)થી માંગરોળ તરફના સ્ટેટ હાઈવેની જમણી બાજુ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવાનું કામ વહેલી તકે કરાવવા ખેડુતોમાં માંગ ઉઠી છે. માંગરોળ તાલુકાના ગોરેજ ગામથી સુલતાનપુર ગામને જોડતા રસ્તાનું ૧.૬૪ કરોડના ખર્ચે હાલ કામ ચાલુ છે. જે જી.પં. મસ્તકનું નોન પ્લાન કામ છે ? આ રસ્તાની સાઈડ ઉપર વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા થાય છે. પરંતુ સુલતાનપુર ફાટકથી માંગરોળ તરફ જતા સ્ટેટ હાઈવેની જમણી બાજુ રસ્તાની સાઈડ ઉપર વર્ષોથી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. હાલમાં ચાલુ કામના રસ્તામાં ભરતીનું કામ પૂર્ણ થયું છે. પરંતુ સ્ટેટ હાઈવેની બાજુમાં પાણીના નિકાલ માટે કાંઈ કામ થયું નથી. આ કામ મોટું અને વધુ સમય માંગી લે તેવું છે. પશ્ચિમ દિશા તરફ વરસાદના પાણીના નિકાલ માટેનું કામ નહીં થાય તો આજુબાજુના ખેડુતોના ખેતરો, સ્ટેટ હાઈવે તેમજ હાલ કરોડોના ખર્ચે થઈ રહેલા ચાલુ કામના રસ્તાને ભયંકર નુકસાન થાય તેમ છે. ત્યારે અગમચેતીના ભાગરૂપે પાણીના નિકાલના માટે તાકીદે આયોજન થાય તે જરૂરી છે.

# ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે આજથી રાજ્યભરમાં ઓનલાઈન નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧

ગુજરાતના ખેડૂતોને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા આજ તા.૧ ફેબ્રુઆરીથી રાજ્યભરમાં ઓનલાઈન નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે તેમ ખેતી નિયામકની કચેરીની યાદીમાં જણાવાયું છે. વધુમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા તા.૧ થી ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૩ સુધી ગ્રામ્યકક્ષાએ **VCE** દ્વારા તથા તાલુકા કક્ષાએ **APMC** ખાતે ઓનલાઈન નોંધણી શરૂ કરવામાં આવી છે જેનો મહત્તમ લાભ લેવા રાજ્યના ખેડૂતોને ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે અને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુથી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવથી ખરીદી કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. હાલમાં તુવેર પાકનો ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂા.૬૬૦૦ ચણાના પાકનો ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂા.૫૩૩૫ તેમજ રાયડાના પાકનો ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂા.૫૪૫૦ નક્કી કરાયો છે.

# ગીર સોમનાથ : આજોઠા ખાતે પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાની કૂકિંગ સ્પર્ધા યોજાઈ

## વિજેતાને નાયબ કલેક્ટર જે.જે. કનોજિયાના હસ્તે રૂા.૧૦હજારનો ચેક અને પ્રમાણપત્ર એનાયત



(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૧

પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના(**PM-POSHAN**) અંતર્ગત સાયકલોન સેન્ટર આજોઠા ખાતે મિલેટ-જાડાધાન બાજરાની વાનગીઓની જિલ્લા કક્ષાની કૂકિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્પર્ધકોએ મુખ્યત્વે જાડા ધાન અને બાજરાનો ઉપયોગ કરી વાનગીઓ તૈયાર કરી હતી. જેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતાઓને નાયબ કલેકટર(મધ્યાહ્ન ભોજન) જે.જે. કનોજિયાએ અનુક્રમે ૧૦,૦૦૦, ૫૦૦૦ અને ૩૦૦૦નો ચેક અને પ્રમાણપત્રથી સન્માનિત કર્યા હતા. જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં વેરાવળ, ઉના, તાલાલા, ગીરગઢડા, કોડીનાર, સુત્રાપાડા તાલુકા કક્ષાએ વિજેતા એવાં કુલ ૧૨ સ્પર્ધકોએ ભાગ લઈ જુવારના ઉપમા, જુવારના સ્ટીમઢોકળા, મિક્સ લોટના લાડુ, બાજરાનો ખીચડો, મિક્સ લોટના શીરા જેવી અવનવી વાનગીઓ તૈયાર કરી હતી. વિજેતા ઉપરાંત અન્ય સ્પર્ધકોને ૫૦૧ રૂા.નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યુ હતું. આ તકે નાયબ કલેક્ટર(મધ્યાહ્ન ભોજન) જે.જે. કનોજિયાએ જણાવ્યું હતું કે, મધ્યાહ્ન ભોજનનો મુખ્ય હેતુ વિવિધ પ્રકારની તાજી વાનગીઓ પીરસી બાળકોને પૌષ્ટિક આહાર મળે અને તેઓ તંદુરસ્ત રહે તેવો છે. મધ્યાહન ભોજનમાં આપવામાં આવતું અનાજ તેમજ કઠોળ આરોગ્યપ્રદ રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. જેથી જો બાળકોમાં પોષક તત્વોની ખામી હોય તો આવા ધાન્ય પૂરક બને છે અને બાળકોના વિકાસમાં મદદરૂપ થાય છે. આ વાનગી સ્પર્ધામાં વિજેતા કોડીનાર રામનગર પ્રાથમિક શાળાના ગૌસ્વામી જ્યોતિબહેનને(પ્રથમ ક્રમ) રૂા.૧૦ હજાર, મીઠાપુર પ્રાથમિક શાળાના અપારનાથી દિવ્યાબહેનને(દ્વિતિય ક્રમ) રૂા.૫ હજાર અને ગુંદરણ પ્રાથમિક શાળાના પીઠિયા ભાવનાબહેનને (તૃતિય ક્રમ) રૂા.૩ હજારનો ચેક તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. આ તકે આભારવિધિ નોડલ ઓફિસર કમલેશભાઈ વાળાએ કરી હતી. જયારે કાર્યક્રમમાં નાયબ મામલતદાર મમતાબહેન બારડ, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભરતભાઈ બારડ, મધ્યાહ્ન ભોજનના કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોની પણ બહોળી ઉપસ્થિતી રહી હતી.

# દ્વારકાની સગીરાના અપહરણની નોંધાતી ફરીયાદ

જામ ખંભાળિયા તા.૧

દ્વારકામાં રહેતા એક પરિવારની આશરે સાડા સતર વર્ષની સગીર વયની પુત્રીને અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના શાપર ગામે રહેતો હાર્દિક ઉર્ફે બબલુ ઉર્ફે ભોલો કલ્યાણદાસ સોલંકી નામનો શખ્સ લલચાવી, ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપીને બદકામ કરવાના ઈરાદાથી અપહરણ કરીને લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના માતા દ્વારા દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ બનાવ અંગે દ્વારકા પોલીસ મથકના હાર્દિક ઉર્ફે બબલુ કલ્યાણદાસ સોલંકી સામે આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એક્ટની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ પ્રકરણમાં આગળની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. આર.બી. સોલંકી દ્વારા હાથ ધરવામાં આવી છે.

જયારે કલ્યાણપુર તાલુકાના ભોપાલકા ગામે રહેતા દિગુભા ઉર્ફે લાલો હાલુભા જાડેજા નામના શખ્સના રહેણાક મકાનમાંથી પોલીસે વિદેશી દારૂની બે બોટલ કબજે કરી હતી.

# માણાવદર : મામા દેવ મંદિરે યજ્ઞ અને કાન ગોપીનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા.૧

માણાવદરના બાંટવા રોડ ઉપર આવેલા મામા દેવ મંદિરે મામા દેવના સાંનિધ્યમાં યજ્ઞ અને મહા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. રાત્રે કાર્યક્રમોની વણઝાર પણ રાખેલ છે. ટીકરના જગદીશભાઈ આહીરના વડપણ હેઠળ સુર શ્યામ કાન ગોપીનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ જેને શ્રોતાઓએ ખૂબજ આનંદ પૂર્વક મહાલ્યો હતો. ઉકત કાર્યક્રમને સફળ બનાવવા માટે મામા દેવ ગ્રુપના તમામ કાર્યકરોએ ખૂબજ જહેમત ઉઠાવી હતી.


"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩" (NFSA) હેઠળ સમાવિષ્ટ
રાજ્યના ૭૧ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૪૮ કરોડ જનસંખ્યાને
જાન્યુઆરી-૨૦૨૩થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી
સમગ્ર વર્ષ દરમિયાન વિનામૂલ્યે અનાજ (ઘઉં અને ચોખા)નું વિતરણ
તથા રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ તથા મીઠાના રાહત દરના વિતરણ
સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી





ફેબ્રુઆરી-૨૦૨૩ માસનું વિતરણ
તાઃ ૦૧/૦૨/૨૦૨૩ થી તાઃ ૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રહેશે.

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩" હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ

ફેબ્રુઆરી-૨૦૨૩ માસમાં વિનામૂલ્યે મળવાપાત્ર અનાજના જથ્થાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો (AAY) | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | વિનામૂલ્યે |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો (AAY) | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | વિનામૂલ્યે |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ફેબ્રુઆરી-૨૦૨૩ માસમાં લાભાર્થીઓને
રાહત દરે મળવાપાત્ર અન્ય આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | ડબલ ફોર્ટિફાઈડ સોલ્ટ (મીઠું) | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

અગત્યની સૂચનાઃ

જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩" હેઠળના તમામ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ (ઘઉં અને ચોખા)નું વિતરણ અને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્ય સરકાર દ્વારા અન્ય આવશ્યક ચીજવસ્તુઓનું (તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું) રાહત દરે વિતરણ એમ આ બંને વિતરણ અલગ-અલગ હોવાથી, બંને વિતરણનો લાભ મેળવવા માટે લાભાર્થીઓએ બે વખત પોતાનો અંગૂઠો આપીને આધાર બેઝ્ડ ઓળખ પ્રસ્થાપિત કરીને રિસીપ્ટ મેળવવાની રહેશે.

ભારત સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે આપના તથા કુટુંબના સભ્યોના આધારકાર્ડની વિગતો અધતન રહે તે જરૂરી છે. આ માટે આપના નજીકના આધાર કેન્દ્રની મુલાકાત લઇ, આપના તથા કુટુંબીજનોના આધારકાર્ડની વિગત, એડ્રેસ, ફિંગર પ્રિન્ટ, મોબાઇલ નંબર જેવી વિગતોને અપડેટ કરાવવા વિનંતી છે.

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના અન્ય રાજ્યોના તેમજ ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી NFSA રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી પોતાના હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર વર્ષ દરમિયાન વિનામૂલ્યે અનાજ (ઘઉં અને ચોખા) મેળવી શકશે.

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

રાજ્યના એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ તમામ કુટુંબોને તેઓને મળવાપાત્ર રાશનમાં "રૂ. ૨/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે મળતા ઘઉં અને રૂ.૩/- પ્રતિ કિ.ગ્રા.ના ભાવે મળતા ચોખા" ના બદલે જાન્યુઆરી-૨૦૨૩થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી એટલે કે સમગ્ર વર્ષ દરમ્યાન ઘઉં અને ચોખા વિનામૂલ્યે મળશે.

- માનનીય મંત્રી શ્રી, કુંવરજીભાઈ બાવળીયા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

## જીવનની અંતિમ ક્ષણો સુધી પત્રકારત્વની ફરજ અદા કરનાર

# સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી કાર્તિકભાઈ ઉપાધ્યાયનો પાર્થિવદેહ પંચમહાભુતમાં વિલીન

### આજે સવારે સદ્દગતના નિવાસ સ્થાનેથી નિકળેલી અંતિમ યાત્રામાં વિવિધ ક્ષેત્રોના અગ્રણી આગેવાનો, મહાનુભાવો જોડાયા, જીવનભર જરૂરીયાતમંદને સાચા અર્થમાં મદદગાર થનાર સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયને આગેવાનો દ્વારા શ્રધ્ધાંજલી અપાઈ

























જૂનાગઢ, તા.૧

જૂનાગઢથી પ્રસિધ્ધ થતા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી કાર્તિકભાઈ ઉપાધ્યાયનો પાર્થિવદેહ પંચમહાભુતમાં વિલીન થયો છે. આજીવન આમ જનતાની સેવામાં અને સૌનું ભલુ થાય તે માટેના સંનિષ્ઠ પ્રયાસો કરી અને સૌરાષ્ટ્ર ભૂમિ અખબારના માધ્યમથી પ્રજાના પ્રશ્નોને અસરકારક વાચા આપી અને પત્રકારત્વનો ધર્મ બખુબી બજાવનાર કાર્તિકભાઈ ઉપાધ્યાયએ જનતાના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું અને વિશાળ ચાહક વર્ગ ધરાવતા કાર્તિકભાઈની અચાનક વિદાયને પગલે જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં અખબારી જગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આજે જૂનાગઢ સહીત સોરઠ વાસીઓએ સદગત કાર્તિકભાઈ ઉપાધ્યાયને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરી છે.

જૂનાગઢ જ નહીં પરંતુ સૌરાષ્ટ્રભરમાં પત્રકાર જગતમાં અખબારી આલમમાં ભિષ્મપિતા તરીકે ઓળખાતા કાર્તિકભાઈ ઉપાધ્યાયનું તા.૩૦/૧/૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થતા આઘાતની લાગણી છવાઈ ગઈ હતી. ગઈકાલે જૂનાગઢમાં ગાંધીગ્રામ વિસ્તાર સ્થિત તેમના નિવાસ્થાન અભિજીત બંગલોના પરીસરમાં સ્વ.કર્તિકભાઈ ઉપાધ્યાયના પાર્થિવદેહને દર્શનાર્થે રાખવામાં આવ્યો હતો. જયાં વિવિધ ક્ષેત્રના અગ્રણી આગેવાનો, સ્નહીજનો, શુભેચ્છકો તેમજ સૌરાષ્ટ્ર ભૂમિ પરીવારના સભ્યો દ્વારા સદગતને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી આપી હતી. ત્યારબાદ આજે સવારે ૯:૩૦ કલાકે સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયની અંતિમ યાત્રા તેમના નિવાસ સ્થાનેથી યોજવામાં આવી હતી જેમાં શહેરના અગ્રગણ્ય નાગરીકો, વિવિધ ક્ષેત્રના આગેવાનો, રાજકીય પક્ષોના પદાધિકારી, કાર્યકર્તાઓ તેમજ વિવિધ રાજકીય પક્ષોનાં પદાધિકારીઓ તેમજ અખબારી જગત ખાતે જોડાયેલા તંત્રીશ્રીઓ, પ્રતિનિધિઓ તેમજ પ્રિન્ટ અને ઈલેકટ્રોનિકસ મિડીયાનાં પત્રકાર મિત્રો ખાસ ઉપસ્થિત રહયા હતાં. અને સદગતશ્રીને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. સદગતની અંતિમ યાત્રા શહેરના માર્ગો ઉપરથી પસાર થઈ હતી. જયાં તેઓને ઠેર ઠેર શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. બાદમાં સોનાપુર સ્મશાન ખાતે અંતીમ યાત્રા પહોચતા ત્યાં શાસ્ત્રોક વિધી સાથે સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયના પુત્ર અભિજીત ઉપાધ્યાયના હસ્તે મુખાગ્ની અપાયો હતો. આ તકે ઉપસ્થિત તમામ લોકોની આંખો અશ્રુભીની બની ગઈ હતી.સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અને પત્રકાર ક્ષેત્રમાં ખુબજ ઉચેરા માનવી કહી શકાય તેવા કાર્તિકભાઈ ઉપાધ્યાયને ઠેર ઠેરથી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી રહી છે. ગઈકાલે સોનાપુર સ્મશાન ખાતે યોજાયેલી શોક સભામાં ઉપસ્થિત મહાનુભાવોએ સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયની કામ કરવાની પધ્ધતિ, નાનામા નાના માણસને ન્યાય અપાવવા માટેની કામગીરી તેમજ પત્રકારત્વને ગૌરવ અપાવી શકે તેવા કાર્યો સ્વ.કાર્તિકભાઈ ઉપાધ્યાયે કર્યા છે અને તેના સંસ્મરોણે યાદ કરવામાં આવેલ હતા અને સદગતને અશ્રુભિની આંખે શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.